પરમાર કુલભૂષણ

જગદેવ પરમાર

સચિત્ર ઐતિહાસિક વાર્તા.

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।

પ્રકાશક —

ગુજરાતી સાહિત્ય મંદિર.

સલાબતપુરા-સુરત.

મૂલ્ય ~।

૪ આના.

દેશી મિત્ર પ્રેસ, સુરત.

પરમાર કુલભૂષણ

જગદેવ પરમાર

(એક સચિત્ર ઐતિહાસિક વાર્તા.)

લેખક

વસનજી રણછોડજી નાયક.

પ્રકાશક,

"ગુજરાતી" સાહિત્ય મંદિર.

સલાબતપુરા, સુરત.

પ્રથમાવૃત્તિ સને ૧૯૨૫. પ્રત ૧૦૦૦

મૂલ્ય પાંચ આના.

લેખકના બે બોલ.

જગદેવની રાજ્યભક્તિ અને **વીરમતી**ની પતિભક્તિ વિષે આ સ્થળે સ્હેજ પણ ઉલ્લેખ કરવો એ ખરેખર નિરર્થક છે એમના આદર્શ અને અનુકરણીય ગુણો પ્રસ્તુત નાનીશી વાર્તામાથી શોધી સર્વ ગુર્જર વાચકો પોતાના દિલમા ઉતારે એજ યાચના

આ વિષે વધુ પ્રસ્તાવની જરૂર નથી. મારે હસ્તે લખાયલા **"વીર-કથા"** અને **"વીર દુર્ગાદાસ"** નામક પુસ્તકો સમાજને ઘણા પ્રિય થઇ પડયા છે જેથી અમો એજ રસ્તે આ ત્રીજુ પુસ્તક વાચક સમક્ષ રજુ કરીએ છીએ

અમારી ઉમેદ બાબતની બધીજ પ્રસ્તાવના "વીર દુર્ગાદાસ" માથી વાચવાની ફરમાવી કેવળ સાચા ઇતિહાસથીજ ભરેલા ગુર્જર સતાનોના રમકડા રૂપ-સિર્ફ પાચજ આનાની કિમતમા ભારત વીરોના સમ્પૂર્ણ જવલત જીવન વૃતાતોથી વિભૂષિત થયલા-આ સચિત્ર પુસ્તકોની પ્રતોને ગુર્જર બધુઓ ઉદાર દિલથી સહાય કરશે તો એ રસ્તે અમો વધુને વધુ આગળ ધપતા રહીશુ એજ અતિમ પ્રાર્થના

"માટીઆ" નિવાસી (હાલ) વાડીફળીયુ, કોટશેરી-સુરત

લેખક,
વસનજી રણછોડજી નાયક.

સુરત લીમડાચોકમા આવેલા મગનલાલ વ ના **"દેશી મિત્ર"** પ્રેસમા નાથુભાઇ દેવચદે છાપી, અને **જેકીશનદાસ ત્રિભુવનદાસ પટેલે** સલાબતપુરા ગુજરાતી સાહિત્ય મદિરમાથી પ્રકટ કરી.

જગદેવ પરમાર.

અનુક્રમ મણિમાળા.

જગન્નાથ પરમાર



[illegible] છે

[illegible]

જગદેવ પરમાર

પ્રકરણ ૧ લું.

પરવશતા પરિતાપ.

ગુર્જર પ્રદેશના અજર–અમર યૌવનમા–ક્ષાત્ર તેજ નિપૂણ, સમુદ્ર મર્યાદિત પૃથ્વિને જીતી બાબર નામના શૂરને સિદ્ધ કરી " સિદ્ધરાજ 'ના નામથી સારા ભારતવર્ષમા શૂરવીરતા અને અજયતાથી અમરતા પ્રાપ્ત કરનાર ક્ષત્રિયકૂલ શિરોમણી સિદ્ધરાજ જયસિહ, આ વખતે પિતૃઋણુ મૂકત વીર વનરાજે અકથ્ય સંકટો સહીને ભુવડ જેવા મહારથીના માન મૂકાવી જે નગર વસાવ્યુ હતુ, તે અણુહિલપુર પાટણુની યશસ્વી રાજ્યગાદી ઉપર બિરાજી ધર્મ અને ન્યાયથી વિભૂષિત થઈ પોતાની આણુ ચોતરફ ફેલાવી રહ્યા હતા

પ્રસ્તુત કથા પ્રસગે એજ ગરવી ગુજરાતના ધારાનગરીના રાજ્યમા ઉદયાદિત્ય નામે રાજા રાજ્ય કરતો હતો ક્ષાત્ર તેજને કલંકિત કરનાર એ બેકદર રાજા પોતાની બે રાણીઓ પૈકી ઘેલી રાણીના મોહપાશમા જકડાઇ રાજ્યમા ધ્યાન ન આપતા બીજી સોલંકી રાણીને અખડ–અસહ્ય સંકટો આપી

પક્ષપાતનુ ભયકર પાપાચરણ કરી રહ્યો હતો સોલકી રાણીને ત્યા આજે ભાવી ધારાનગરી નરેશ, બાલયૌવનની નિર્દોષ બાલચેષ્ટાથી મસ્ત જગદેવ નગર બહાર એક ઝુપડી જેવા મકાનમા ગરીબાઈના અભેદ્ય સકટોમા પણ અચળ ધૈર્યતા રાખી કલ્લોલ કરી રહ્યો હતો ગરીબ બિચારા પીડિત લોકોના બાળકોના ટોળાની અદર ગેલ કરતા, જેમ નભમડળમા તારલાના જૂથની વચ્ચે શશિ દિપી નીકળે છે, તેમ પોતાની મુખાકૃતિ ઉપરના પ્રકાશિત તેજપૂજોની તેજસ્વીતાથી એ વીર બાળક દિપી નીકળતો હતો

આજે એ નિર્દોષ કલ્લોલવૃત્તિમા ઉણપ છે એની મનોહર મુખવેલીની તેજસ્વીતામા ઝાખાશ છે આખલડી ચોધાર અશ્રુએ પોતાની જનનીની શોક અને વિહ્વળતાથી મ્લાન થઈ કરમાઈ ગએલી નયનો તરફ ટગર ટગર નિહાળી રહી છે કારણ ? આજે એના કેટલાક સ્વાર્થી મિત્રોએ એને જણાવ્યુ કે તારા ઓરમાન ભાઈ રણધવલની સાથેની ભાઈબધીમા જે ભોગવિલાસો–મોજશોખો મળે છે, તે તુ રાજાજીની દુહાગણ રાણીનો પુત્ર હોવાથી અમને આપી શકશે નહિ માટે અમો રણધવલ પાસે કાલે જઈશુ રે ! પ્રારબ્ધ ! પોતે પરવશતાની લોહશૃખલામા જકડાયા જેવો થઇ રાજકુવર હોવા છતા આમ કગાળ દિવસો ગુજારે છે એ વિચારે 'વીર જગદેવનુ હૃદય કોતરી ખાધુ તુરત એ પોતાની માતા પાસે ગયો અને આ કગાળીયતનુ કારણ પૂછ્યુ પૂછતાની સાથેજ એ પ્રેમવિહોણી માતાએ પુત્રને છાતી સરસો ચાપી બોર બોર જેવડાં આસુના ટીપા ખેરવી બધી વાત કહી ક્ષત્રિય વીર સવેળા ચેત્યો તેને પોતાની પરવશતાનુ ભાન થયુ ગરીબ પરતુ સતોષી ખેડુતોના સ્વતત્ર બાલબચ્ચાની સાથે કલ્લોલ કરી સ્વતત્રતા

પ્યાસી બનેલા એ વીરને આ પરવશતાથી અતિ પરિતાપ થયો તેને પોતાના પિતા ઉપર આ કુકૃત્ય માટે અતિ તિરસ્કાર આવ્યો તેણે પ્રણામ કરી માતા પાસે રજા માગી. "માતા! મને રજા આપો હુ તેલ અને તેલની ધાર જોઈ ચોખવટ કરવા ઇચ્છુ છુ" માતાએ બાળકના સામુ જોઈ કેવળ રોયાજ કીધુ પોતાની માતુશ્રીની આવી અસહ્ય દુ ખી સ્થિતિનુ ભાન એને આજેજ થયુ. તે પુન બોલ્યો

"માતા! તુ મને બાળક સમજી રજા નથી આપતી પણ તુ એ જગ્યાએ ભૂલ કરે છે હુ હવે બાળક નથી તારૂ-મારૂ દુ ખ હવે હુ સમજી શકુ છુ. કયો એવો બાયલો કપુત હશે કે જે પોતાની જનનીનુ કરૂણ રૂદન સાભળી તેની વ્હારે ન ધાયો હોય? માતા! એવા બેટાને માટે તો રૌ રૌ નર્ક સદાસર્વદા ખુલ્લુ છે બોલ તારે મને નર્કાધિકારી કરવો છે, કે ભવિષ્યમા તારૂ નામ દિપાવી આ બેકદર રાજાને પશ્ચાતાપ કરતો નિહાળવો છે? બોલ, વખત મા લગાડ? હુ આજે દરબારમા જઈશ મારી આ દુબળી સ્થિતિના કારણથી હુ પિતાજીને વાકેફ કરીશ છતા જો એ મોહવશ અધપિતા ના સમજશે તો ભલે! આપનો રસ્તો હુ ચોકખો બનાવીશ" માતાએ પોતાના બાળકની અતિ શૂરવીરતા નિહાળી આનદિત મુખાકૃતિથી આશીર્વાદ દઈ રજા આપી

બાળક અતિ મ્લાન અને જીર્ણ કપડાથી અચ્છાદિત થઇ આજે પહેલ વહેલો દરબારમા આવ્યો, પોતાના પુત્રને આવી સ્થિતિમા જોઈ રાજાનુ અધ છતા કોમળ હૈયુ પીગળી ગયુ, પુત્રને ભેટતા તેણે તેના ખભા ભીજવ્યા આ જોઇ જગદેવે પિતાના તરફ જોયુ તો તે પોતાની નયનોમાથી શ્રાવણ ભાદરવો ખાળતા જણાયા.

ઉદયાદિત્યે અતિ મૃદુ અને કરૂણ અવાજથી પૂછ્યુ _"વત્સ ! હું જીવતો હોવા છતા તારી આ સ્થિતિ કેમ ? શુ એક રાજકુવરને આવા પોશાકે ફરવુ ઉચિત છે ?"

જગદેવે જવાબ આપ્યો "પિતાશ્રી ! જાણ્યા છતા અજાણતાનો ડોળ કરી મારી ગરીબાઈ માટે મનેજ પૂછી આપ મને દુખના દાવાનળમા શિદ નાખો છો ? હોય એમા આશ્ચર્ય થવા જેવુ કશુજ નથી તમારા આ સવાલોથી આખી સભા આશ્ચર્ય પામી વિચારે છે કે જે પિતા પક્ષપાતી હોય, જે પિતા પતિવૃતધારિણી પત્નિને રાજ્યમાથી કાઢી મૂકી એક નાના સરખા ગામડામા નાનીશી ઝુપડીમા ઝૂરવા દઈ પોતે પોતાની પ્રિય માનેલી બીજી રાણીના નયનોના બાણુમા ગુલામ બની પરતત્રતા સેવી દિન ગુજારતો હોય, તેજ રાજાના પેલી ઝુપડીમા ઝુરતી ગરીબ બિચારી નિર્દોષ રાણીના પેટે અવતરેલા પુત્રની આ સ્થિતિ હોય એમા આશ્ચર્ય શુ ? દિગ થવા જેવુ એ છે કે એ પુત્રને એ સ્થિતિમા રાખનાર રાજાજી પોતેજ હોવા છતા તેનુ કારણ પણ તેજ પૂછે છે ! પિતાશ્રી, હુ આપની પાસે રજા લેવા આવ્યો છુ. આપની એ ગુલામી અમર તપો ! પરતુ હુ તો એ પરવશતાના પરિતાપથી ઝૂરી મરૂ છુ હુ આજે રજા લેવા આવ્યો છું મને આપશ્રીની આવી અધેરી નગરીમા રહેવું ઉચિત લાગતુ નથી હુ પરદેશ જઈશ ખરો ક્ષત્રિય વીર હોઈશ તો ત્યા પણ આપનુ નામ અમર કરીશ."

જગદેવના આ વચનપ્રહારોથી_ રાજાનુ મસ્તક ઝૂકી ગયુ. તેનાથી સારી સભામાં ઉંચુ પણ ન નિહાળી શકાયુ તે પોતાના વીર પુત્રને પુન ભેટી પડયો. પોતાની ભૂલ માટે માફી માગી અને બે હજાર રૂપીઆનુ વર્ષાસન, તેમજ ધારાનગરીમા

એક સુદર મહેલ આપવાનો હુકમ પ્રકટ કીધો જગદેવે પુન કહ્યુ "પિતાજી? કેવળ મારા આ મર્મદ્રાવક વચનોથી આપ અત કરણને દ્રવીને ભૂલમા આ હુકમ પ્રકટ ના કરતા વિચાર કરજો મારી ઓરમાન માતુશ્રીના સ્વભાવનો! તે તમને અમલ કરવા નહિ દેશે અને પછી જો આપ વચન ફેરવશો તો હુ પણ એક ક્ષત્રિય બિરદ છુ!" રાજાજીએ હુકમ કાયમજ રાખ્યો પિતાપ્રેમથી વાકેફ થઇ વીરે પિતાજીને પુન દડવત પ્રણામ કર્યા, અને કઇક માઠુ બોલાયાની માફી યાચી. ઉદયાદિત્ય પોતાના આ પુત્રમા વિવેક, વીરતા, સ્વતત્રતા, નિડરતા, ક્ષત્રિયતા, વગેરે હરેક ગુણો નિહાળી અતિ પ્રસન્ન થયો અને શુભાશિષ આપી તેને દરરોજ દરબારમા આવવાનુ પણ કહ્યુ

પ્રકરણ ૨ જું.

તારામૈત્રક.

આજે પૂર્ણિમાનો પ્રફુલ્લચદ્ર પૃથ્વીને શીતલતાના અમીરસમા ન્હવરાવતો હતો સૃષ્ટિની શુભ્રતા જાણે એ નિ શબ્દ રાત્રિની નિદ્રાવસ્થામા નીતરી હોય, તેમ ચાદનીના તેજ પ્રતિપળે નીતરતા જતા હતા વૃક્ષો અને વેલીઓ, એ શાન્તિસુધાવાળા મદમદ વાયુથી લ્હેરાતી હતી અને સુગધિ પુષ્પો, વાતાવરણમા પોતાનો દૈવી મઘમઘાટ ફેલાવી રહ્યા હતા

એ ધવલતાની એ દંવી જ્યોત્સનાની-અમૃત હેલી ઝીલતો એક તરૂણ લખલખતા અગ્નિના જેવી વિકરાળ આંખમાંથી ધીગધીગતા તણખા વહેવરાવતો પોતાના વ્હાલસોયા અશ્વ ઉપર આરૂઢ થઇ બાણાવળી વીર અર્જુનની ઝાખી કરે એમ બાણોના જૂથના જૂથ છોડતો, ઇન્દુના કિરણની સરખામણી કરે એવી ગતિથી દોડતો, એક વિકાળ વ્યાઘ્રની પાછળ પડયો છે આગળ વનરાજ અને પાછળ આપણો કથા નાયક દોડતા દોડતા ઉભય ટુકટોડાના રાજ્યમા આવી પહોચ્યા અહી એ વનવાસનો ભોમિયો શેર આપણા વીરની નયનોમા ધુળ નાખી કશે અદ્રશ્ય થઇ ગયો વીર હતાશ થઈ ગયો પોતે આજુબાજુ જોયુ તો ન મળે પોતાના સાથી કે ન મળે પોતાની જાણીતી ભૂમિ રાત્રિના આશરે આઠ વાગ્યાનો સમય હતો કાંઈક હિમત અને ધીરતા લાવી એણે પુન પોતાના શિકારને ખોળવા માડયો રાત્રિ પડી હતી, રસ્તાઓથી અજાણ હતો તેમજ સાથીહીન એકલોજ હતો, એ બધાનો એને જરાએ ભય કે શોક નો'તો પરતુ પોતાના હાથમાથી શિકાર ગયો એ કાયરતા જોઈ એનુ જ્વલત વીરતાથી ભરપૂર અત કરણ ચીરાઈ જતુ હતુ ગમે તેમ થાય તો પણ એક શિકાર કર્યા સિવાય ઘરે નજ જવુ એવુ પણ લઇ પોતાના બાયલા સાથી ઉપર તિરસ્કાર દર્શાવતો એ પુન શિકારને ખોળવા લાગ્યો

જગદેવ હવે પોતાની વ્હાલી માતા ઉદયમતી સાથે પિતાશ્રીએ આપેલા મહેલની અદર આનદથી દિન ગુજારતો હતો એણે પોતાની મેળેજ ક્ષત્રિય કેળવણી પણ લેવા માડી હતી કેટલીએ વેળા પોતાના બહાદુર સાથીઓ સાથે ત્રાહી ત્રાહી પોકરાવનાર ભયકર જગલી વનચરોના એ માન મૂકા-

વતો શિકારેથી આવી બનેલી સર્વ બીના પોતાની માતાને જણાવતો માતા પોતાના આવા સ્વપરાક્રમી વીરની વીરતા નિહાળી અણુમોલુ પ્રેમાલિંગન આપી શુભાશિષ દેતી

આજે પણ એવી રીતે એ શિકારે ગયો હતો આ શિકારની પાછળ વીર ત્વરિત ગતિથી દોડયો હતો, એટલે એના સાથીઓ વિખૂટા પડયા અને રાત્રિ પડવાથી ઘરે ચાલ્યા ગયા એઓને પોતાના મિત્ર તરફની ફરજનુ બિલકુલ ભાન પણ ના રહ્યુ કે આપણા આ સાથીને ભયંકર જંગલમા એકલા મૂકી કેમ જવાય

આપણો વીર વિચાર મગ્ન થઈ ફરતો હતો એવામા દૂર કયાઇક સજળ ઘોઘાટ સંભળાયો કોઇ વખત કેટલીક સ્ત્રીઓના કરૂણ રૂદનોના સ્વરો પણ કર્ણગોચર થયા. પોતાની જનની જન્મભૂમિનો ઉધ્ધાર કરવાની ભાવિ અમર આશા રાખનાર એ વીર ચોકયો, દિંગ થયો, અને ચપળ વેગે પોતાના શ્રમિત થએલા અશ્વને તે તરફ દોડાવ્યો ત્યા એણે શુ નિહાળ્યુ ? કેટલીક સ્ત્રીઓ એક મંદિર ઉપર બૂમો પાડી કિકારોળ કરે છે કેટલાક સિપાઇઓ બાયલા બની ભાગી જાય છે કારણ ? તે તરફ એનો પેલો શિકાર વિકરાળ મ્હો ફાડી મોટી મોટી ફલંગો ભરતો દોડયો જતો હતો

એક યુવતિ પોતાના હાથમા સોનેરી દિપમાળથી ઝળકતી થાળ લઈ નિડરતાથી મંદિરમા જઈ ઉગ્ર સમાધી લગાવી બેઠી છે. કરૂણ રૂદનની કે નિર્માલ્ય અને નિષ્પ્રાણ વાતાવરણની, સ્ફાટિકના ધોધ જેવા નિર્મળ ચાંદનીના પ્રકાશની શિતળતાની કે યમરાજ સમ ધસી આવતા વિકરાળ વ્યાઘ્રના તાપની, એને જરાએ પરવા નથી પ્રકૃતિના તુમુલ તોફાનો જેમ અચળ અને અડોલ પર્વતને નથી નમાવી શકતા, તેમ આ બધી બાહ્ય ઘટનાઓ એ તપ

સ્વિનીને સ્હેજે નથી ચળાવી શકતી પેલા વીરના પ્રહારોથી ધગધગી રહેલો શિકાર ધસ્યો ધસ્યો મંદિર નજદિક આવી પહોચ્યો સ્હેજ વાર લાગે તો પેલી સમાધિસ્ત તપસ્વિની આ રાક્ષસી મ્હોમા જાય પણ ત્યા તો સનન કરતુ એક બાણ આવ્યુ અને એ મ્હો ફાડી ધસતા વાઘની ગરદને ચોટયુ તે નીચે પડયો પરંતુ રે ! આ શુ ? તે પુન ઉભો થયો અને મંદિરમા પેસવા લાગ્યો એવામા બીજા દશ બાર બાણો મધમાખીનીપેઠે આવી પહોચ્યા અને એ ભયંકર પ્રાણી ત્રાહી દીનાનાથ કરતો ચત્તાપાટ પડયો આ ધબકારાથી પેલી તપસ્વિની જાગૃત થઇ આખો ખોલી જુએ છે તો પોતાના આખા રાજ્યમા તોબા તોબા પોકરાવનાર અજય-અમર લેખાતો કાળીઓ શરીરમા કેટલાક બાણુ વાગ્યાથી પડયો છે અને પછાડા મારી ગર્જના કરતો ઉભો થવાની તૈયારી કરે છે તે સપ્રાળી ઉભી થઈ ગઇ. પોતે મૃત્યુના મુખમા આવીજ ગઇ છે એ વિચારથી તે અંબા માતાનું મનન કરતી કરતી થરથર ધ્રૂજવા લાગી ત્યા તો આપણો કથા નાયક વીર આવી પહોચ્યો. અને મંદિરના બારણામાથી પેલા ભીષણ કાયાધારી કાળીયાને પોતાની તાતી તરવારના એકજ પ્રહારથી યમસદન પહોચાડી દીધો. એનુ મુખ આ વખતે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કર્યાના આનંદથી પ્રફુલ્લ થયુ

અજાણ્યા ક્ષત્રિય બિરદને પોતાની સામે ઉભેલો જોઇ યુવતિ ક્ષત્રિયોની સ્વાભાવિક મર્યાદા દાખવતી બહાર આવી જગદેવને પગે પડી અને રૂપાની ઘંટડી જેવા તીણા અવાજથી બોલવા લાગી. "જીવનદાતા વીર ! આજે આપે મને નવો જન્મ આપ્યો લેખાય. તમારા આ શૌર્યમય વીરતા ભર્યા કૃત્યથી આપની હુ શબ્દાતીત (શબ્દમા વર્ણવી ન શકાય એટલી) ઋણી છુ હુ આપને

એ યાચના કરૂ છુ કે આપ મારે મ્હોલે પધારી મને કૃતાર્થ કરો. અને હરકત ના હોય તો આપની ઓળખાણ કરાવો" આ ટુકટોડાના રાજા રાજારાજની હુ પુત્રી છુ મારો ભાઈ બીરજરાજ આપને જોઇ ઘણો પ્રસન્ન થશે "

વીરે જવાબ આપ્યો. "દેવી ! આપ કોઇ મહા ગુણવાન રાજકુવરી જણાઓ છો. તમારા કાયર સિપાઇઓ તમને મૃત્યુના મુખમા મૂકી ભાગી ગયા હતા ખરૂ છે તે પેલા આવતા જણાય છે. તેની સાથે આપ પધારો હુ ધારાનગરી નરેશની અણુમાનીતી રાણી ઉદયમતિનો કુવર છુ શિકારે નીકળ્યા પછી રાત્રિ પડી જવાથી મારા સાથી ભાગી ગયા છે મારે આજે ઘેર જવુજ જોઇએ, કારણ નહિ તો મારી એ વ્યાલસોયી નિરાધાર માતા ઝૂરી ઝૂરીને મરે તમારા આ વિવેક માટે હુ આપનો ઉપકાર માનુ છુ પરતુ તમારી આ ઉપ-કારી યાચના સ્વીકારી શકતો નથી, માટે દિલગીર છુ "

ઉભય તરૂણ–તરૂણી એકી ત્રટે એક બીજાના મુખારવિંદનુ બારિક અવલોકન કરતા કેટલાક વખત સુધી ઠરી,રહ્યા એકેથી કઇ બોલાતુ નથી ઉભયના રોમાચ ખડા થયા મગજ ચક-ડોળે ચઢયુ બન્નેને વિચાર થયો આ પ્રણયી મૂર્તિને કા ન ભેટુ ? ઇશ્વરેજ નિર્મેલો ન હોય એવા આ પ્રસાદનો ઉપભોગ કા ન કરૂ ? આખરે સિપાઇઓના આવી પહોચવાથી એ તારામૈત્રક ત્રૂટયુ વીરે વિદાય લઇ ચાલવા માડયુ પેલી યુવતિ કે જેનુ નામ વીરમતિ હતુ તેણે કાઇક બોલવાનો પ્રયાસ કર્યો પરતુ કઠ શિથિલ થઈ ગયો તેનુ અંતકરણ ઉભરાઇ જવા લાગ્યુ. તેનામા ઉઠવાની પણ શકિત ના રહી મદિરમા દિપકના તેજથી નભમડળની ચદ્રિકાસમ ચળકતુ વીરમતીનુ લલીત મુખારવિંદ થોડી થોડી વારે નિહાળતો એ વીર કેટલેક સુધી

મંદ મદ ગતિથી ગયો અને જ્યારે એ તેજના અંબારથી લખલખતી મૂર્તિ દેખાતી બંધ થઈ કે તુરત ત્વરિત ગતિથી પોતાના અશ્વને દોડાવી અદ્રશ્ય થઈ ગયો કેટલીએ વારે વીરમતિને ભાન આવ્યુ અંત કરણની ઇચ્છાને આધિન થઇ અંબા માતાને પગે લાગી માતા પિતાને પૂછ્યા વગર અમુક પ્રતિજ્ઞા એણે લઇ લીધી, અને એ પ્રતિજ્ઞા પાર પડે એ પણ પ્રાર્થના કરવા લાગી

પ્રકરણ ૩ જું.

લગ્ન સમારંભ.

સ્વર્ગના નંદનવન સમુ ધારા આજે નિસ્તેજ અને નિર્માલ્ય જણાય છે જે રાજ્યમા પરદુ ખભંજન વીર વિક્રમ જેવા દાનેશ્વરી અને રાજા ભોજ જેવા ધર્મશિલ ભૂપાલો થઇ ગયા, તેજ રાજ્યનો રાજા આજે સ્રી વશ થઇ રાજપૂત નામને કલંકિત કરી રહ્યો છે બાલ જગદેવ દરબારમા આવી ગયા બાદ જ્યારે રાજા ઉદયાદિત્ય પોતાની માનીતી વાઘેલી રાણી પાસે ગયો કે તેના ક્રોધતો પાર ન રહ્યો. તેણે દિવસના કરેલા સુકૃત્યને કુકૃત્યરૂપ આલેખી રાજા એ જાણે પોતાનો પ્રભુસમ પતિદેવ નહિ પરંતુ એક ગુલામ હોય તેમ તેની સાથે વર્તન ચલાવવુ શરૂ કર્યું રાજાના હાથ, પગ, જીભ બધાજ અવયવો શિથિલ થઈ ગયા. તેને પોતાની જાત ઉપર કાંઇક તિરસ્કાર આવ્યો. પોતે એક નરેશ, કેટલાઓ ગામ અને શહેરનો ધણી

કે જેની ચોદિશ ખમા ખમા પોકરાય, તેજ ક્ષત્રિયની આ એક સ્ત્રી અને તે વળી પોતાની પત્નિજ જેણે તેની સેવા સુશ્રુષા કરી–પૂજા કરી સાષ્ટાગ પ્રણામ કરવા જોઈએ તેને બદલે તે ધિક્કાર અને ફિટકાર રૂપી પુષ્પવૃષ્ટિથી વધાવે એ સ્થિતિ એને અસહ્ય થઈ પડી

રાણીની અતિશયતાથી ઉદયાદિત્ય આજે જાગૃત થયો તે ક્રોધથી લાલચોળ થઈ ગયો. તેના સમસ્ત રોમાચ શરમના પોકારથી ખડા થઇ ગયા. પ્રથમતો રાણીને ત્યાને ત્યાજ યોગ્ય શિક્ષા કરી ગુમાન ઉતારવાનો એને વિચાર આવ્યો, પરતુ કેટલાઓ વર્ષથી જેની સાથે ગુલામ સમ રહેનાર હૈયાની હામ ન ચાલી તે ક્રોધમા ને ક્રોધમા બારણામાથીજ પાછો ચાલ્યો ગયો

આ શુ ? રાણી ચોકી રાજાનો વિચાર તે કળી ગઈ હવે શુ ઉપાય ? ઘડીભર વિચાર કરે ત્યા તો ક્રોધિત રાજા અદ્રશય થઈ ગયો, રાણી વિચારમા પડી કેટલીએ વાર વિચાર કર્યા બાદ એ સ્વાર્થી ક્ષત્રાણીએ કલકરૂપ કપટથી ભરપૂર સ્ત્રીચારિત્ર્ય દાખવવા નક્કી કર્યુ એને કમળા નામની એક ચાડાલણ જેવી દાસી હતી તે સ્ત્રીચારિત્ર્યના તરકટ બાધવાની કલ્પના શકિતમા નિપૂણ હતી એના સહવાસથી ધર્મશિલ ક્ષત્રાણીમા આ ગુણો કેમ ના આવ્યા હોય ? સગ તેવો રગ. કમળાએ યુકિત રચી યુકિત મુજબ રાણી બેભાન થવાનો ઢોગ કરી નીચે પડી કેટલીક દાસીઓ સેવામા રોકાઇ. કેટલીક બૂમાબૂમ કરવા લાગી કેટલીક રાજાજી પાસે દોડી જઈ કલ્પાત કરવા લાગી હજારો સૈન્યનો કચ્ચરઘાણ કરનાર સમશેરને કમરપટે લટકાવનાર એ રાજા દાસીઓના કલ્પાતથી ગળગળો થઈ ગયો. રાણીના સર્વ તિરસ્કારો એ વિસરી ગયો.

પોતાની જાતપરના સર્વ શરમના વિચારો એ ભૂલી ગયો. તુરતજ તે સજ્જ થયો અને રાણી પાસે આવી સેવા, સુશ્રુષા કરવા લાગ્યો રાણી જાણે બેભાન સ્થિતિમાથી સાવધ થઇ ઉઠી હોય તેમ આળસ મરડી બેઠી થઇ રાજાને તેની પાસે બેઠેલો જોઇ પતિવૃતા સ્ત્રીનો ઢોગ કરી પગે પડી તકલીફ પહોચ્યા બાબત માફી યાચી. રાજા રાણીના વિવેકથી ફૂલી ગયો રાણી ઘણીજ માદી હોય તેમ પાછી ઢળી પડી. કમળાએ મીઠુ મરચુ ભભેરી રાજાના જતા રહેવાથી રાણીજીના હૃદયમા જબરો આઘાત થયાનુ જણાવ્યુ વૈદ હકીમો આવ્યા અને ગયા. દસ–બાર દિવસે રાણી સાજી થઇ અને રાજા સાથેની વાતચીતમા રાણીએ તરકટ ગોઠવ્યુ કે "જગદેવને રાજ્ય-ગાદી આપવાની મે વાત સાભળી હતી માટે હુ આપના લાભમાજ કહેતી હતી. ખરી વાત મને કાલેજ મળી. એમા મારો શો દોષ ?"

આ ખુલાસાથી તો રાજાને રાણી તદ્દનજ નિર્દોષ જણાઇ અને તેના હાવભાવ અને નયન કટાક્ષના ચાળામા પુન મોહવશ થઇ ગયો રાજ્યમા પુન અધેર કાયમ રહ્યુ પહેલા તો રાણીનો કાઇક અશે ધાકે નો'તો પણ હવે તો રાજ્ય-કુટુબના કામોમા પણ રાજાથી માથુ ન મરાતુ રાણી કરે તેજ કબુલ મજુર કરવુ પડતુ

પિતાશ્રીના દરબારમા આજે પણ જગદેવ ઇન્દ્રસમ ઝળકી રહ્યા છે રાજ્યકાજની સર્વ બિનાથી હવે તે વાકેફ થઇ ગયો છે સર્વ સામત–સરદારો એના બુધ્ધિચાતુર્યતા અને શૌર્યતા નિહાળી ચોમુખ વખાણ કરતા થઇ ગયા છે. કેટલાકને તો દિલમા એમ પણ લાગ્યુ કે વાઘેલી રાણીના પુત્ર રણધવલ કરતા સો દરજ્જે આ વીરપુત્ર ગાદીને પાત્ર છે.

આજે એ વીરનર ઉપર જગતદેવની કૃપા વરસી. આજે એનો ધન્ય દિવસ હતો આજે રાજા ઉદયાદિત્યની કસોટીનો દિવસ હતો કારણ ? એ સામંતો ટુકટોડાના રાજા બીરજરાજ તરફથી આવ્યા છે તે પત્રિકા લાવ્યા છે. "મારી બ્હેન વીરમતિએ આપના ક્ષાત્ર તેજ નિપૂણ પુત્ર વીર જગદેવની સાથે લગ્ન કરવાની પ્રતિજ્ઞા લીધી છે મારા પિતાશ્રી રાજ-રાજ ઘણા વયોવૃદ્ધ થયા છે એટલે આવતા માર્ગશિર્ષ માસમા એમના લગ્ન કરી ઋણ મૂક્ત થઈ તેઓશ્રી વાનપ્રસ્થ ધર્મ પાળનાર છે તો આ સાથે નાળિયેર મોકલ્યુ છે તેનો સ્વીકાર કરશો અને જેમ બને તેમ જલદી પધારવા કૃપા કરશો જો આપ આનો ઇન્કાર કરશો તો મ્હારી વ્હાલી બ્હેન ઝૂરી ઝૂરી પોતાની જીંદગી ખતમ કરશે અને એનુ પ્રાયાશ્ચત આપને શિર આવશે કારણ એમણે ભીષણ પ્રતિજ્ઞા લીધી છે" આ પત્રિકાનો ઉપરોક્ત સાર છે સર્વ સામંત સરદારોએ એકે અવાજે હર્ષનાદથી સભામંડળ ગજાવી મૂકયુ સર્વના મુખમા પ્રસન્નતા દેવીના દર્શન જણાયા પરંતુ આવા માંગલિક પ્રસંગે પણ એક વ્યકિત તો શોકના ઉંડા ખાડામા એટલી ગરકાઉ થઈ ગઇ હતી કે તેનો મુખાકૃતિ પરથી સર્વ જણ તેની દિલગીરી કળી ગયા એ કોણ ? બીજુ કોઇ નહિ પણ પેલો કામાંધ નરેશજ ! વાચક બંધુ ! એનુ કારણ તો આપ કળી ગયા હશોજ. સર્વ સભાજનો પણ કળી ગયા. અરે ! પણ આ શુ ? વીર જગદેવ ભરી સભામા નમ્રતાથી બોલવા લાગ્યો. એ બાળકની વકતૃત્વશકિત કોઈ કાબેલ અને અનુ-ભવી વક્તાની ઝાંખી કરાવતી હતી. તે બોલ્યો, "પિતાજી મુંઝાવાનુ કશુ પ્રયોજન નથી. આપના દિલને દુખી કરી એ રાજકુવરીને વરવા હુ નથી ઇચ્છતો. જાઓ સરદારો આ સભાના હેવાલથી આપ બીરજરાજને વાકેફ કરજો" આ સાંભળી

ધીરસિંહ નામનો શૂરો સરદાર ઉઠયો. તેણે વાઘેલી રાણીને સમજાવવાનુ માથે લીધુ અને નાળિયેરનો સ્વીકાર થયો

ધીરસિંહની પત્નિ રૂપવતિ રાણીને સમજાવવા ગઈ રાણીની થઇ જઇને તેને વિરૂદ્ધ પડવાથી થતા કેટલાક ગેરલાભો સમજાવ્યા. સ્ત્રીચારિત્ર્યવાન રાણીએ સમય પારખી જે થાય તેમા લાભ જોઈ હા પાડી કારણ એને પણ ધાસ્તી હતી કે હુ વિરૂધ્ધ જઈશ તો કદાચ રાજાજી ગુસ્સે થશે અને હુ રાજ્યમા અતિ નિંદાને પાત્ર ગણાઈશ. આખરે લગ્ન મુહુર્ત નક્કી થયુ આખી નગરીમા ઠેર ઠેર આનંદ ઉત્સવો ઉજવાવા લાગ્યા બારણે તોરણ, સાથીયા વિગેરેની રમણીય શોભાથી શહેર દિપવા લાગ્યુ કારણ ? કારણ માત્ર એજ કે સારા રાજ્યની હરેક રૈયતના દિલમા વીર જગદેવની બહાદુરી અને નિખાલ-શતા મજબૂત ચોંટી ગયા હતા ક્ષત્રિય રીતરિવાજ મુજબ ઘણાજ હર્ષના ઉત્સાહથી જગદેવની જાન ટુંકટોડા આવી. આ ઉત્સાહમા ઉદયાદિત્યના હર્ષનો પારજ નહતો વાઘેલી રાણી દંભ કરી અતિ હર્ષ ઉછાળતી પરંતુ દિલમા દુખ હતો કે મારો જ્યેષ્ટ પુત્ર રણધવલ કુવારો રહે અને આ શોકનો નાનો કુવર આટલા બધા ઉત્સાહથી પરણે ! આ માયાવી દુનીઆની ફાની વિધિપૂર્વક લગ્ન થઈ ગયા પણ એ લગ્ન એ વિધિથી થયા નો'તા, એ તો સાત્વિક પ્રેમઘેલા યુગલોના એકદિલીથી થયા હતા નાનો ભાઈ પરણે અને મોટો ભાઇ રહે એ બીરજરાજને પણ યોગ્ય ન લાગવાથી તેણે તેના કાકાશ્રીની પુત્રી રણધવલની સાથે પરણાવી આથી વાઘેલી રાણીનુ હૈયુ ફુલી ગયુ સર્વ બે વહુને લઇ ધારાનગરી આવ્યા, જગદેવ અને વીરમતિના દંપતિ યુગલમા સાચો પ્રેમ હતો, કારણ એમા પ્રભૂની સહાય હતી એ આપણે આગળ ઉપર જોઇ ગયા.

પ્રકરણ ૪ થું.

સ્ત્રીચારિત્ર્ય-વિદાય.

એ નાનીશી શ્યામ આકૃતિ, નિલવર્ણા અને શાન્ત નયનો પ્રપચમા જેનુ હૈયુ હજી પરોવાયુ પણ નથી આ દુનીઆની વ્યભિચારી વૃતિનો જેને હજી સ્પર્શ સરખોએ થયો નથી અરે! એનો તો હજીજેને ખ્યાલ પણ નથી, એજ એ આપણો કથા નાયક વીર પોતાની અપરમાતા ઉપર પણ આજે અખડિત પ્રેમના ઝરણો ઝગવે છે. વાઘેલી રાણીને પણ સમય પલટાની જરૂરજ હતી એટલે બાહ્ય હાવભાવ અને ખાલી ખાલી કૃત્રિમ વાણીની પાશવ સત્તાના પ્રેમ બધનમા જગદેવને તેણે બાધી દીધો ગમે એવા કાર્યની ગુચવણમા હોય તો પણ હરકોઇ રીતે અવકાશ લાવી દિવસમા એકવાર પણ જરૂર એ અપરમાતા પાસે જતો અને વખત મળે કલાકોના કલાકો વાતો કરી છૂટો પડતો કેટલાક દિવસો આવી રીતે ચાલ્યા ગયા. માતા ઉદયમતિ આજે પોતાને, પુત્રવડે ભાગ્યવાન માની ઇશ્વરસ્તવનમા આનદથી દિન ગુજારે છે

આર્યાવર્તની ક્ષત્રાણીઓના આત્માર્પણ અને પાતિવૃત્ય માટે અસહ્ય સકટ સહ્યાના દ્દષ્ટાતો ડગલે ને પગલે મળે છે પરતુ મનુષ્ય માત્રમા એ ભાવના ઉગ્ર સ્વરૂપ લઇ સદા કાયમ રહે એ અસભવિત છે ધારાનગરીમા જોઇશુ તો વીરમતિની પતિભક્તિ અને માતૃભૂમિ પ્રત્યેની બળીદાન દેવા સુધીની

મનેચ્છા કયા ? અને વાઘેલી રાણીની સ્રીચારિત્ર્યથી પતિને વશ કરી લેવાની પાપી વૃતિ કયા ?

જગદેવ તો હવે રાજા હોય એજ પ્રમાણેનુ દરબારમા વર્તન ચલાવે છે સારીએ પ્રજા અને અધિકારી વર્ગો એને દેવસમ પૂજે છે. જગદેવ સર્વ ઉપર પ્રેમરસના અમીઝરણા ઝેરવી તેમના દિલ તાબે કરી લે છે જગદેવના વિવેક, પ્રેમ, શૌર્ય, સત્ય, નિડરતા વિગેરે ગુણો પ્રજા અમલદારોની ઉપર સચોટ અસર કરતા હતા વાઘેલી રાણીથી આ કેમ સહ્યુ જાય ? પોતાના પુત્રને તો કોઇ ઓળખતુએ નથી અને આ સાવકો પુત્ર જ્યા ને ત્યા માન પાન લે એ જોઇને એનુ હૃદય બળી ખાખ થઈ જવા લાગ્યુ હવે તો ગમે તે યુકિતથી જગદેવને દેશનિકાલ કરાવવો એજ ઉપાય એમ એને કમળાએ રસ્તો બતાવતા જણાવ્યું. પોતાની ઉપર સગી માતા સમાન વ્હાલ રાખનારને પણ એ એકદર રાણી કપટથી દુ ખ દેવા તૈયાર થઈ એ અચૂક રાજ્યની પાયમાલીની નિશાની છે

નિયમાનુસર એક દિવસ જગદેવ વાઘેલી માતાને મળવા આવ્યો રાણી કમળાએ બતાવેલી કપટજાળ પાથરવા જગદેવ સામે રોષયુકત વદન ફરકાવી ચાલી ગઇ વીર ચોકયો નિર્દોષ હૃદયને બીજા શા વિચાર આવે ? એ પોતાની ભૂલ શોધવા લાગ્યો. ઘણાએ વિચાર પછી પણ નિરાશા દેવીએજ મુખપર રાજ્ય લીધુ તે જ્યા ઉભો હતો ત્યાને ત્યાજ ચોટી ગયો હતો એને બેસવાની કે જવાની શુધ્ધિએ ના રહી કેટલીક વારે કમળા આવી, અને બોલી "રાજકુવર ! રાણીજીનુ હૃદય આજે ખીન્ન થયું છે કારણમા સાધારણ એવુ દિસે છે કે આપશ્રીના કાંઈક અપકૃત્યથી રાજાજી આજે કોઇને કહ્યા સિવાય ચાલ્યા ગયા છે."

આ શુ ? રાણી એકદમ ચોંકી ! બૂમ મારવા લાગી "દોડો દોડો ઓ પ્રાણનાથ આ પાપી મારો જીવ લે છે" રાજા બારીએથી કૂદયો એક ત્રાડેલા સિંહની માફક ફલક મારી આવ્યો અને ગાજી ઉઠયો "કુલાંગાર ! ધિક્કાર છે તને ? પાપી ! તુ જાલીમમા જાલીમ સજા સહવા તૈયાર થા એકજ તલવારે તારા બે કટકા કરવા જોઇએ ઓ મૂખ ! એક પૂજ્ય માતા સામે તારૂ આ પાપી આચરણ ? અરે હુ એ કેમ નિહાળી શકુ ? વિષયાંધ ! નિકળ હુ તને ફરમાવુ છુ કે અત્યારે ને અત્યારે મારા રાજ્યની હદ છોડી તુ ચાલ્યો જા"

વીરને સ્હેજે મૂંઝારો નથી તેની આંખોમાથી પ્રેમરસના બિંદુઓ ખરે છે શાબાશ વીર ! પિતાની આ ગેરવર્તણુક અને આટલા બધા કટુવચન સાભળ્યા છતા તારો પિતૃપ્રેમ અચળ રહ્યો છેવટની સજાએ તે ચોંકયો

તેણે કાંઈ કહેવા પ્રયત્ન કર્યો પણ રાજાએ તુરતજ જણાવ્યુ મારો હુકમ છે કે "એક પણ શબ્દ બોલ્યા સિવાય રાજ્ય બ્હાર ચાલ્યો જા"

ગયો ! જન્મભૂમિનો વિજય ડંકો વગાડવાની અમર આશા રાખનાર વીર પિતાની અવિચારી આજ્ઞાનો અને માતાના શ્રી ચારિત્ર્યનો ભોગ થઈ ચાલ્યો ગયો જતા જતા પિતાની આજ્ઞા મુજબ એક શબ્દ પણ બોલ્યા સિવાય જે કહેવાનુ હતુ તે એક પત્રમા લખી નાખતો ગયો પત્રમા લખ્યુ હતુ "પિતાજી આપનો હુકમ હુ શિર પર ચઢાવુ છુ પણ વિચાર કરજો. નિષ્કલંકિ અવતારી મારા પ્રભુની માફક હુ આ કૃત્યમા બીલકુલ નિષ્કલંક છુ આમા કાંઇ કપટ છે હુ જાઉં છુ, તમારી આજ્ઞાને આધિન થઇ અત્યારે પણ તમારી આજ્ઞાથીજ

પાછો આવીશ અને જ્યા જઇશ ત્યા આપનુ નામ અમર કરીશ. આ બીનાની તપાસ કરજો, જરૂર કપટ છે, હુ જાઉ છુ પિતાજી !"

પ્રકરણ ૫ મું.

આફત પર આફત.

નિરાધાર માતા આ મારા બેહાલની વાત જાણશે તો તેને એક પળ પણ ગાળવી દુસહ થઈ પડશે અરે ! તે ફ્રાસો ખાઇને મરશે આ વિચારે તરૂણ ગદગદ થઇ ગયો. તેની નયનોમાથી નીરની ધારા ચાલી તે મનમા બોલ્યો "માતા ! માતા ! નહિ રિબાઇશ ! કલ્પાત નહિ કરીશ ! આ તારો લાડકવાયો લાલ જ્યા સુધી આ પૃથ્વી પર હયાત છે ત્યા સુધી તારા અનેક દુખોને ઠેલવા શક્તિમાન છે એ પરવશ પિતાજીના કુકૃત્યને તુ યાદ ન કરીશ હુ થોડાજ દિવસમા એમની આખ ખોલી પાછો આવુ છુ માતા ! વિયોગી માતા ! શુ કરૂ ! હુજ આમ ક્ષત્રિય થઇ રૂદન કરૂ તો તારી શી સ્થિતિ થશે !" એટલામા તો સામેથી ધીરસિહ આવતો જણાયો તેને આશ્વાસનનો એક પત્ર આપ્યો. તેમા શિક્ષાની બીના છૂપાવી અગત્યના કામસર જવાની અને જલદી આવવાની બીનાથી માતાને શાન્ત્વના આપવાનો એનો ઉદ્દેશ હતો. વીરે આગળ પ્રયાણ કરવા માડયુ ધીરસિહે આવા ભયકર રાત્રિના વખતે જવાનુ અનુચિત જણાવી રોકવાનો પ્રયાસ

કીધો, પરતુ નિષ્ફળ. બે કલાકમા તો અસહ્ય સ કટોથી ભરપૂર જ ગલમાં આવી પહોચ્યો. ત્યા એણે પોતાના અશ્વને ધીમો પાડયો. એમ જતા જતા સવાર થતા તો એ કેટલેએ દૂર પહોચી ગયો

કમળાની કપટજાળમા વીર જકડાયો, અને આ શિક્ષાને પામ્યો બાદ રાણીએ તેના અ તિમ શબ્દ પ્રહારો સાભળ્યા અને સ્તબ્ધ થઇ. "હુ જાઉં છુ અત્યારે. તે તમારી આજ્ઞાથીજ પાછો આવીશ" આ વાક્યોએ તો એને બાળી નાખી. કમળાને એથી વાકેફ કીધી. ત્યારે એ નિર્લજ્જ ક્રૂર અને પાપિષ્ઠ દાસીએ ક્રૂરસિંહની સરદારી નીચે કેટલાક સિપાઇઓને જગદેવ પાછળ છોડયા, અને તેને ઠેર કરવાનો હુકમ આપ્યો. લક્ષ્મી અને લ પટતાના એ ગુલામોએ સ્હેજે વિચાર ન કીધો કે આ દેવ સમ સોહામણા રાજકુમારને મરાય કે? આપણે રાજાનુ અન્ન ખાઇએ છીએ કે આ દાસીનુ એનુ એને સ્વપ્નેએ ભાન ન હતુ.

જગદેવના ઉપર એ ગેબી કાળચક્ર ભ્રમણ કરી રહ્યુ છે, પણ એ ક્ષત્રિયજાયો વીર એક જવામર્દ હતો. એને સ્હેજમા ચક્રના સપાટામા લેવાય એમ ન હતુ

સિધ્ધપુરના રાજ્યનુ એ જ ગલ હતુ. આપણો વીર ત્યા થકી ઉપડી રહ્યો છે. દશ–બાર કલાક સતત મુસાફરી છતા તેના કોમળ મૂખારવિંદ ઉપર થાકની જરાએ નિશાની નથી. નિરાશાને તો એણે ઠોકર મારી છે નિડરતાથી ભરપૂર એ વીર સિધ્ધપુર તરફ ચાલ્યો જાય છે. એવામા તા એને પોતાની જન્મભૂમિ યાદ આવી. પોતે કેટલે દૂર આવ્યો. તે જોવા પાછળ જુવે છે તો વીર ચોંકયો. તેણે દૂરથી કેટલાક ઘોડેસ્વારો આવતા જેયા. જેતજેતામા તેઓ તેની સામે આવી લાગ્યા.

અરે ! આ શુ ? તે પૈકીના એકે તો તેની ઉપર બાણુ છોડયુ વીર સજ્જ થયો સ્વારોને તો તે ઓળખી ગયો. તે ત્રાડી ઉઠયો "ઓ કુલાગરો ! તમને ભાન છે કે હુ કોણ છુ ? મને છેડી આપ યમપુરીમા સીધાવવાને શીદને તૈયાર થાઓ છો હુ તમને હુકમ કરૂ છુ કે જાઓ અહીથી ચાલ્યા જાઓ" આ સત્તાવાહી શબ્દો સાભળી દશ–બારમાથી પાચ–સાત તો થભી ગયા પોતાના બાળરાજનેજ પોતાનો સરદાર મારતો જોઇ તેઓએ તેની ઉપર ધિક્કારવૃષ્ટિ વરસાવી, નગર તરફ ચાલવા માડયુ

બાણુ મારનાર પૈસાનો ગુલામ ક્રૂરસિહ હતો વીર તેની સામે થયો પાસે આવ્યાથી તેણે પોતાની વિજળીના ઝબકારાને લજાવે એવી સમશેર સરરર કરતા કાઢી અને એક ઘા ને બે કટકા એક ઘોડેસ્વાર યમસદન એવામા બીજા ચાર જણા તેની પર તૂટી પડયા ફરતા પાચ અને વચ્ચે વીર એકલો. પણ તેની તલવાર એટલા જોસથી ફરતી હતી કે તેના શરીરનો એક ભાગ પણ જોયો દેખાતો નો'તો એ શરીર ઉપર કયા ઘા કરવો એજ દુસહ હતુ એવામા તો દૂરથી એક હાક સભળાઈ 'રાજકુમાર શુ જુઓ છો ? આ તમારા પાલકો તે આમ તમને દુ ખ દઇ શકે ?" આ વાકયોથી વીરનુ રગે-રગ ધગધગી ઉઠયુ આખા શરીરમા અગ્નિ અગ્નિ પ્રસરી ગયો આખમાથી તો ખરેખર અગ્નિજ ઝરતો હતો હાથમાથી તો વિદ્યુત ઉત્પન્ન થતી હતી પુન તે પૂર જોસથી ઝઝુમ્યો અને પાચમાથી એકને પૃથ્વિવશ કરી દીધો એટલામા તો કેટલાક ઘોડેશ્વારો આવી પહોચ્યા, અને દુશ્મનોને ઘેરી લઇ તેમને કેદ કીધા

પરમેશ્વર પોતાની વ્હારે છે એ ધીરજથી જગદેવનુ પ્રફુલ્લ વદન અતિ પ્રફુલ્લ થયુ તે આવનાર શ્વારોના સરદારને ભેટી

પડયો એ કોણુ ? બીજો કોઇ નહિ પણુ જગદેવનો પત્ર લઇ જનાર ધીરસિંહજ હતો એ જગદેવનો પત્ર માતાને આપવા ગયો. આપ્યો માતાએ વાચ્યો, અને તે તુરતજ બેબાકળી થઇ ગઇ તે બોલી "સરદાર ! મારો પુત્ર મારા આશિષ લીધા સિવાય એક ડગલુ પણુ ભરે નહિ અને આ પરદેશ જવાની વાત વાચી હુ ભયભીત થાઉં છુ નક્કી કાઇ કપટ હોવુ જોઇએ કયા તો એને એના પિતાએ શિક્ષા દીધી હશે. અને એ પિતૃભક્ત મારો દેવ ચાલ્યો ગયો હશે, અને કયા તો કપટથી કયાએ મોકલ્યો હશે અને પાછળ મારા છોડયા હશે, પેલી નિર્દય વાઘેલી માતાએ ! ભાઈ હુ નિરાધાર ! મારૂ જગતમા કોઇ નહિ સ્રીને એક પતિ પણ મારા ભાગ્યમા તો તેએ નહિ નહિ હોય તો તો એક નામનુ પણુ આ

ધીરસિંહે વચમા પડી શાન્ત્વના આપી અને જગદેવને મળી ખરી બીના લાવી આપવાનુ વચન આપ્યુ

પણુ ઉદયમતિએ તેને જણાવ્યુ 'ભાઇ તુ હમણાજ થોડાક સૈનિકો સાથે ચાલવા માડશે તોજ મારો એ નયનનો તારો બચશે" ધીરસિંહે કબુલ કીધુ અને તુરતજ તૈયારી કરી રસ્તે પડયો તે અત્રે આવ્યો અને અખડ વૃતધારી સતી માતાના વચનો સ્પષ્ટ નિહાળી અતિ કોપાયમાન તેમજ દિલગીર થયો પછી ભેટી સર્વ વાતથી વાકેફ થતા તો તેનુ રાજ્યભક્ત હૃદય દ્રવી ઉઠયુ ધીર જગદેવે અતિ શાન્ત્વના આપી અને પોતાની ભાવી ઉત્કૃષ્ટ આકાક્ષા જણાવી ધીરસિંહ આ બાલયુવરાજની મહત્વાકાક્ષા અને વીરતા નિહાળી આનદ સાગરના ઉછાળામાં ઉછળવા લાગ્યો. બાદ જગદેવ સિવાય તે પાછો નગર તરફ ગયો અને રાણીને ધીરજ આપી.

પ્રકરણ ૬ ઠું.

"એ દિવ્ય જોડલું"

સખ્ત તાપનો સમય હતો. સૂર્ય પોતાની વિજય જ્યોત્સના પૂરા પ્રકાશથી જાણે એ દુખી દીલથી દગ્ધ થએલા તરુણને વધુ અકળાવતો ન હોય, તેમ પ્રકાશી રહ્યો હતો ટુકટોડા આવ્યુ આવી સ્થિતિમા જઇ સતીને તેમજ સાસુ સસરાને પોતાની આ સ્થિતિથી વાકેફ કરી તેમના અતકરણને રીબાવવા એ એને યોગ્ય ના લાગ્યુ પોતે પણ એક મર્દ હતો આવી સ્થિતિ નિહાળી જરૂર એઓ મને અહિજ રહેવાનુ કહેશે અને એના આશ્રયમા રહી દિન ગુજારવા એ ખરેખર કાયરતા છે. એમ વિચારી બહાર એક બાગમાં પોતે અશ્વના આસનો ઉપર થાક ખાવા આડો પડયો. આ વખતે સંધ્યાકાળનો મદ મદ વાયુ બાજુપરના ફુવારામાની શીતળતાની લહેરીઓ લહેવરાવી એ શ્રમિત વીરને વિશ્રાતી લેવામા ભારે ભાગ દેતો હતો. દિવસ બધો માર્ગ કાપી થાકેલો એ વીર નિદ્રાવશ થઇ ગયો. એ બાગ રાજબાગ હતો. થોડાજ સમયમા વીરમતી દાસીઓ સાથે ફુવારે રમવા આવી. પોતાના પતિને નિહાળી તે પ્રેમભીની બની ગઈ રમવાનું કયાંએ લુપ્ત થઈ ગયુ. તે દિગ થઇ ગઇ. દાસીઓ પણ વિચારમાં પડી. પોતાની પ્રિય વસ્તુને આમ એકલી–અટુલી રઝળતી જોઈ તેને શરમ લાગી તે પાલવ વડે પવન નાખતી વિચારવા

લાગી "આ બાગમા અણુજાણુતાજ એઓ આવી ચઢ્યા હોવા જોઇએ જો જાણુતા હોત કે આ રાજબાગ છે તો એ અહીં જરૂર ના ઉતરત એ ઘરે કેમ નહીં આવ્યા ? શું મને તજી દૂર ચાલ્યા જાય છે ? ઓરમાન સાસુજીએ કાંઈ કપટ તો નથી કીધુ ? હશે જે હશે તે હાલ જણાશે" એવામા વીરની આંખ ઉઘડી. આ શુ ? તે સપ્રાળો બેઠો થઈ ગયો અને અત્યાર સુધી મળવાની આકાક્ષા રાખનાર યુવતિના ગુલાબી ગાલ ઉપર લજ્જાના લાલ શેરડા પડ્યા વીરે તેને પોતાની અભય હૃદયગૃહામા લઈ શરમાયલા ગાલ ઉપર એક મધુરૂ ચુંબન કીધુ પછી એક બીજાના વિયોગી હૃદયોના ઉભરા ઠાલવવા લાગ્યા વાચક ! કોઇની ગૃહ્યવાર્ત્તા પર આપણે કેમ ધ્યાન આપીએ ? કેટલાક સમય પછી બધા નગરમા ગયા.

આખરે જગદેવની દુર્ઘટ બીના સર્વેએ જાણી બધાએ એને ત્યાજ રહેવાનું કહ્યુ. પરતુ એમા પોતાનુ ક્ષત્રિયપણું નથી એમ જણાવી દશ–બાર દિવસ બાદ તે જવા તૈયાર થયો. તેની સાથે અર્ધાગનાનો દાવો કરનાર પતિવ્રતા વીરમતી તૈયાર થઇ. ઉભય અશ્વારૂઢ થઈ વ્હાલભરી વાતોથી હૃદયને પ્રફુલ્લ કરતાં કરતા પાટણ તરફ જવાનો ટુકો રસ્તો કાપવા લાગ્યાં માર્ગ ટુકો પરતુ ભયકર હતો. એક વ્યાઘ્ર જોડલુ એ માર્ગપર અહુર્નિશ ત્રાસ ગુજારતુ હતું એ માર્ગે હવે કોઇ જતુ પણ નો'તુ પણ આ વીર દપતિ જોડલુ કેમ ડરે ! બીકને તો એમણે તિલાજલી આપી હતી. મૃત્યુને તો જે મુખમા રાખતું હતુ. વીરમતી તો પતિના સુખે સુખી અને દુખે દુખી એજ એનો અતિમ માર્ગ માનતી અને તેજ પ્રમાણે વર્તતી.

ભયંકર જંગલ આવ્યું જંગલી પ્રાણીઓનો તો જ્યાં પારજ નથી મોટી કોતરમાંથી મુળુળુ કરતા વનચરો નીકળે અને સ્હેજવારમાં પાછા ક્યાંએ અદૃશ્ય થઈ જાય વીર-વીરાંગના શસસ્ત્ર તૈયાર હતા લાગ આવ્યો જોઈએ એકજ ઘાને બે કટકા એક જંગલ વટાવ્યું એટલામાં .
એટલામાં તો પેલો વિજયના મદથી છકી ગએલો શેર આવ્યો જે પોતાનું વિકાળ મુખ પહોળું કરતાજ ભલા ભલા વીરના હાંજા ગગડાવતો જે એકજ મેઘસમ ગર્જનાથી અભિમાની ક્ષત્રિયના માન મુકાવતો, જે એકજ તરાપથી ચપળ વીરનો દેહ સ્હેજમાં દળી નાખતો જે પોતાના એકજ પંજાથી કેટલાઓ પ્રાણીને ત્રાહી ત્રાહી પોકરાવી આનંદથી મહાલતો, તે અજય વાઘ આ દંપતિ-જોડલાને નિર્ભયપણે પોતાની સામે આવતા જોઇ બળી ઉઠયો તેણે ભયંકર ગર્જના કીધી જાણે હમણાજ આભ તૂટી પડવાનું છતા વીર-વીરાંગના તો નિડર જ જણાયા તેણે એક ભીષણ પંજો પછાડયો જાણે હમણાજ ધરતી ફાડી નાખશે બળના મદમાં છકી ગયેલા આ જાનવરનો ગર્વ ઉતારવા આપણા વીરે શસ્ત્રો છોડયા સનન કરતા બાણોના જુથો છૂટવા લાગ્યા જાણે મધપૂડામાંથી મધુમક્ષિકાઓ નીકળે વાઘે એક જબરી તરાપ મારી આ જોઈ વીરમતી પણ સજ્જ થઇ અને તેના પોતાના પતિના રક્ષણાર્થે પાછળ પાછળ ઝઝુમવા લાગી ઘડીમાં વાઘ તરાપ મારી ઉત્તર દિશામાં દેખાય તો ઘડીમાં દક્ષિણમાં ઘડિકમાં પશ્ચિમમાં તો ઘડીકમાં પૂર્વમાં. આમ દેવ-દાનવનું યુદ્ધ શરૂ થયું. વાઘે અણચીંતી એક તરાપે જગદેવના અશ્વને પંજો લગાડયો. વીર ખીજાયો. તેની આંખમાંથી અગ્નિના તણખા ઝર્યા હસ્ત શૌર્યથી ઝઝુમી ઉઠ્યા. વાઘ પુન જેવો તરાપ

લગાવવા જાય છે કે, તુરત જગદેવે પ્રચડ બળથી એક ભાલો એની ગરદનમા લગાવ્યો વાઘ એ ભાલો લઈનેજ દૂર જતો રહ્યો. અને પુન ફલગ મારી ધસી આવી વીરના અશ્વને યમસદન પહોચાડયો અશ્વ પડતા તુરતજ વીરની ઉપર બીજી તરાપ લગાવી ત્યા તો પેલો ઘોચાએલો ભાલો પકડી વીર તેના મુખ સામે જોઈને પરાક્રમ દાખવવા લાગ્યો એટલામા તો એક તાતી તલવાર વિજળીના વેગથી ભાલાના ઘાની નજદીક પડી શેર ઘવાયો નીચે પડયો આ તલવાર વીરમતીએ લગાવી હતી જગદેવ પોતાની પત્નિનુ આ શૂરાતન જોઈ પ્રસન્ન થયો, અને પડેલો વાઘ ત્રાડતો જેવો ઉઠવા જાય છે, તેવોજ એક સમશેરનો સપાટો લગાવ્યો એક ઘાને બે કટકા સારા ટુકટોડાના રાજ્યની પ્રજાનો એ કાળ આજે યમના દ્વારે પ્રચડ ગર્જના કરી સીધાવી ગયો. ગર્જના સાભળી પતિભક્ત વાઘણ દૂરથી ધસી આવતી દેખાઇ વીર તો પગપાળો હતો છતા હિમત હારી પાછો પડે એ ક્ષત્રિય કહેવાય ? ભીષણ ગર્જના સાથે ધસી આવતી વાઘણની સાથે પાચેક મિનિટ યુધ્ધ ચાલ્યુ આખરે એ વાઘણ પણ પતિ પાછળ સતી થઇ. આ વાત ચોમેર ઘડીમા ફેલાઇ ગઈ આજુબાજુના લોકો, એ દિવ્ય જોડલાના દર્શનાર્થે ઉતરી પડ્યા એમની કીર્તિ ચોમુખ પ્રસરી ગઇ સર્વ પ્રજા એમને પ્રભુ તુલ્ય ભજવા લાગી કારણ એમના કાળનો એમણે મૃત્યુની પરવા ન કરતા અત આણ્યો હતો.

પ્રકરણ ૭ મું.

જામોતીના પંજામાં.

એ દિવ્ય જોડેલુ પાટણને પાદરે આવી પહોચ્યુ શહેરની શોભા નિહાળી પોતાના લપટ પિનાની બે કાળજીને લીધે ધારાનગરીની દુર્દશા યાદ આવી. શહેરના કિલ્લાના કાગરાઓ જાણે કનકથી મઢેલા જણાતા હતા શહેરમાના મોટા મોટા દેવળો ઉપર સુવર્ણ કળશો જ્યમ રાત્રિમા ચદ્રીકાના ચમકારા ગગનને શોભાવે છે તેમ આ પાટણમા એ સુવર્ણ કળશો રૂપી નાના નાના ઈન્દુઓ નભમડળને પ્રભાતમા શોભાવી રહ્યા હતા ઉતારા નજીક કેટલાઓ દેવળો, કેટલાઓ શીલાના સ્તભો, કેટલાઓ ઉદ્વેગી દિલને શાન્ત પાડે એવા વૃક્ષો અને કેટલાઓ હસ, મયુર વગેરે જોડલાઓથી શોભતુ સહસ્રલીંગ તળાવ આવેલુ હતુ. એક આમ્રતરૂ નીચે પડાવ નાખી વીરમતીને એ રમણીય શોભા નિહાળવાનુ કહી જગદેવ મકાન વગેરેની શોધ કરવા ગામમા ગયો

આ શું ? વીરમતી વિચારમા પડી. પોતાની નજદીક કોઇ રાણીની સ્વારી આવતી જણાઇ આગળ પાછળ કેટલીક દાસીઓ, તેની આગળ પાછળ કેટલાક સિપાઇ નકી પોકારતા ચાલે, અને એ બધાની વચ્ચે રાણીનો રથ હતો. રાણી વીરમતી પાસે આવી. ચતુર અને વિવેકી વીરમતીએ ઉઠી માન આપી પાસે બેસાડયા. વાતચીતમા તો આવનારે કોઇ

હોવાનુ સગપણ કાઢયુ આ રાજ્યના રાજા–જગદેવના પુઆ પાસે જગદેવ બેઠા છે, અને વીરમતીને લેવાને આવી છે એમ જણાવ્યુ. પ્રથમ તો પતિની આજ્ઞાનુસાર તે જ્યાં સુધી અહીં ન આવે ત્યા સુધી એક પગલુ પણ ભરી ન શકે એમ કહ્યુ. પણ ફોઇજીના ઘણા આગ્રહથી તે ભરમાઇ અને રથમા બેસી રાજદરબારમા જવા નીકળી. એક મોટુ મકાન આવ્યુ ત્યા આવી રથ ઉભો. સર્વ અંદર ગયા પણ જગદેવ કયા ? પેલી રાણીએ જણાવ્યુ કે રાજાજી સાથે વાતમા પડયા છે. આવશે ઉતાવળ શી છે ? ચાલો આપણે વાળુ કરી લઇએ.

પતિભકત—સ્વધર્મ પરાયણ વીરમતીને ભૂખ તો કકડીને લાગી હતી. છતા વાળુ કરવાને સારૂ ના પાડી રાતના દશ વાગ્યા પણ જગદેવ આવ્યા નહિ રાણીને પૂછે એટલે તે દાસીને રાજાજી પાસે મોકલે અને દાસી એકજ જવાબ લાવે કે “વાતમા છે” આખરે પુન રાણી ગુસ્સે થઇ અને દાસીને મોકલી દાસી જઈને ખબર લાવી “જગદેવે કહેરાવ્યું કે મે તો રાજાજીના આગ્રહને વશ થઇ ખાઈ લીધું. આપ પણ સુખેથી વાળુ કરી લ્યો એટલામા હુ આવ્યો” આ સાંભળી વીરમતી દિગ થઇ તેને કઈક કપટ ભાસ્યુ. દાસી પાસે સાચું બોલ્યાના સોગન લેવરાવી તેણે વાળુ કીધુ હજી પણ જગદેવ નહિ ? હવે વીરમતી તો તદ્દન લેવાઇ ગઈ. તેને પૂરેપૂરૂ કપટ માલમ પડ્યું એટલામા તો એક દાસી દોડતી આવી. અને બોલી “બેન જગદેવ આવ્યા, ચાલો રંગ મહેલમા ગયા” ભોળી બિચારી પતિને મળવાના ઉલ્લાસમા વિચાર કર્યા સિવાય રંગ મહેલમા ગઈ પાછળથી બારણા બંધ થયાં.

રે પ્રારબ્ધ ! વીરમતી પાંચસો ગુણિકાની પટરાણી જામોતીના પંજામાં સપડાઇ સિદ્ધરાજના એક સરદાર

ડુંગરસિંહને લાલદાસ નામનો એક લંપટ પુત્ર હતો તે આ રાજ્યમાં ભારે ત્રાસ વર્તાવતો હતો વીરમતીને એણે જોઇ ત્યારનો એ એની ઉપર મોહી પડયો હતો એણે આવી જામોતીને વાત કીધી અને જામોતીએ ઉપરોકત કપટજાળથી બિચારી ભોળી મુગ્ધાને ભરમાવી

વીરમતી રંગ મહેલમાં ગઇ અને બહારથી દ્વાર દેવાયા આ દ્રશ્ય નિહાળી તેની આંખ રાતી પીળી થઇ ગઇ તેણે કમરે હાથ નાખ્યો કાંઇક આનંદિત બની અને એણે અંદરથી દ્વાર બંધ કીધા એક સિંહણની માફક દ્વારના ખૂણા પાસે ઉભી અંદર ઉભેલા પેલા પાપી લાલદાસ સામે જોયા સિવાય એ પોતાની વિકાળ આંખ વડે તેને ધ્રૂજાવતી હતી

પોતે વિચારતી હતી એ કપટી ફોઇજી ! તું મને છેડી સ્વાદ કાઢવાની નથી હું એક વીરક્ષત્રિયની અર્ધાંગના હોઇ મારામાં નર્યું ક્ષત્રિયત્વ ભરેલું છે તને હું સવારે બતલાઉં કે રાજપૂતાણીને દગો દેવો એ કેટલો દુસહ છે (લાલદાસને) લંપટ ? તારો તો જીવજ લઇશ સીધી રીતે જો નહિ માન્યું તો આ મારી ભવાનીસમ શોભતી કટારથી તારા બે કટકા કરવામાં આવશે અરે ! પણ ઓ વ્હાલા ? તમારી શી સ્થિતિ ? તમો મને કયાં શોધતા હશો મને પણ જણાયું કે આપની આજ્ઞાનું ઉલંઘન કીધું તેની આ મને સજા છે ઓ દેવ દુખી ના થતા હું અહીં સિંહણ જેવી પડી છુ. મારી સામે એક યોધ્ધો તૈયાર છે તેની મહત્વાકાંક્ષા ઘણી ઉંચી છે છતાં તેનાથી નથી એક શબ્દ બોલાતો, કે નથી એક પગલું પણ આગળ ભરાતું આપના બળે હું આટલી નિડર અને ધીર બની છુ. મારી ચિંતા મા કરશો. પ્રભો ? મારા દેવને વિયોગ સહવાનું બળ આપજો. "

ઘણો વખત વિત્યે લાલદાસ તો ટગર ટગર એ રૂપ-રૂપનો ભંડારજ ઉલેચ્યા કરે છે તેનાથી નથી હલાતુ, નથી ચલાતુ કે નથી બોલાતુ વીરમતી પગના અંગુઠાવડે જમીન ખણુતી ઉભી છે અને પેતી રક્ષક કટાર ઉપર હાથ મૂકી તે તરફ નિહાળી રહી છે

પ્રકરણ ૮ મું.

વીર-ક્ષત્રાણીનુ શૂરાતન.

રંગ મહેલમા રંગરંગ રેલવા આવેલા રંગીલા લાલદાસના સર્વ ગાત્ર શિથિલ થઈ ગયા તે પોતાને માટે તૈયાર રાખેલા એક છત્રપલંગ ઉપર બેસી વીરમતીની બપૈયાની માફક રાહ જોઇ રહ્યા હતો. એ વખતે એના મનોવિકાર અદ્દભુત હવાઇ કિલ્લાઓ ચણુતા હતા પરંતુ વીરમતીના આવતા એ તેજ-પૂંજના-પ્રકાશના-અતિશય ભયથી બળવા લાગ્યો. એના કિલ્લાઓ બંધાઇ રહ્યા પહેલાજ તુટી પડયા તે એકી ત્રટે વીરમતી સામે જોઇ વધુ વધુ મોહપાશમા પરોવાતો ગયો વીરમતીની અદ્દભૂત મધુર મુખકાન્તિ ઉપર તેના વિશાળ નેત્ર, સફેદ કમળના પાદડા ઉપર ફરતા કાળા ભ્રમરસમ સોહામણા દિસતા હતાં. વીરમતી પોતાની કમ્મર તરફ જોઇ ઉભી રહી છે. એટલે તેના લલિત વદન ઉપરનો પોણો ભાગ

એ ઓરડાના દિપકના તેજમા ચમકારા મારી રહ્યો હતો. ભરાઉ ગાલ ઉપર શરમના અને ક્રોધના જુદા જુદા વિકારો ઉદ્‌ભવવાથી શેરડા પડયા જતા હતા આ બધું જોઇ લજવાઇ એ કામાધ અધમતિની બુધ્ધિ સચેત ના થઇ પરતુ ઉલટી કુકૃત્યમા દૃઢ થઇ તેનો કામ કાબુમાં ના રહી શકયો સઘળી હિમત એકઠી કરી તે બોલ્યો

"દેવી ! આમ નિરર્થક કાળવ્યય કરવાનું પ્રયોજન ? મારૂ દિલ હવે કાબુમા નથી રહી શકતુ મે સાભળ્યુ છે–અનુભવ્યુ છે કે દેવીઓ તો દયાની સાગર હોય છે તો દેવી ! મારા આ બળતા અત કરણને શાત પાડો હુ આપને દિલથી ચાહુ છુ માટે આવો અને કયારની રાહ જોતી શય્યા ઉપર બિરાજી કૃતકૃત્ય કરો" જેવુ બોલાયુ તેવું એ ધડકતા હૃદયે બોલી ગયો એને યાદ નથી કે હુ શુ બોલ્યો ઉત્તર સાભળવા લાલદાસ ઉભો થઇ ધ્યાન દેવા લાગ્યો.

ઘનઘોર કાળ રાત્રિનો કર્કશાનાદ, એકાન્ત સ્થળ, અસહ્ય અનિવાર્ય પ્રસગ, વગેરે જોઇ ધર્મ રક્ષણ માટે સતી સચેત થઇ. હિમત રાખી તે બોલી; "રે તુ કોણ છે ? તારી ચિત્તવૃત્તિ ઠેકાણે હોય એમ લાગતુ નથી. વિચારીને બોલ, ક્ષત્રિય કુળમાં જન્મેલી હુ એક વીર ક્ષત્રિય નરકેશરીની પતિવ્રતા પત્નિની સામે તુ આવા અયોગ્ય શબ્દનો એક ઉચ્ચાર કરતા પહેલાં વિચાર કરજે ! હજી હુ કહુ છુ કે વિચારીને ધર્મ પરાયણ બની ચાલ્યો જા નહિ તો તારી સ્થિતિ કફોડી થશે" વીરમતીના અવાજમા બીલકુલ સ્પષ્ટતા હતી. સ્રી તરીકેની લજ્જા સ્હેજે પણ નહોતી

"અરે ! રાજકુમારી ! મારી ઓળખાણ જોઇએ છે ? હુ અહીંના નગર રક્ષકનો પાટવીપુત્ર છુ અને ઘણી સત્તા ધરાવુ

છુ. માઠા વેણુ ઉચ્ચારવા તમને ઘટિત નથી હુ તો તમારો પ્રેમ સપાદન કરવા આવ્યો છુ ત્યા કફોડી સ્થિતિ હોયજ કયાથી હુ ? તમારી ઉપર ઘણોજ પ્રસન્ન છુ માટે એક આલિગન આપી તુ સુખી થાઓ” હિમત રાખી ના કહેતી વીરમતિને આલિગન દેવાની ઉત્કઠાથી તે આગળ ચાલ્યો. વિષયાધની બુદ્ધિ વિચારી શકે એમ ન્હોહતી

“સબૂર ! ઓ કામાધ ? તુ ક્ષત્રિયના ધર્મથી અજ્ઞાત જણાય છે તુ સીધી રીતે માને એમ જણાતુ નથી લપટ ! ખબરદાર જો એક પગલુ પણ આગળ ભર્યું તો મર્યોજ સમજજે.” વીરમતીએ પોતાની રક્ષિકા કટારને સૂસવાટ કરતી બહાર કહાડી અને લાલદાસ તરફ ક્રોધથી ધરીને બોલી

લાલદાસ ચોકયો. પાછો હઠયો અને ઝીણા પ્રકાશથી પ્રકાશતા દિપકના તેજને આજી નાંખનારી વિદ્યુતસમ ચળકાટવાળી કટાર જોઇ તે ઠરી ગયો કેટલોક વખત આમ વિત્યા પછી લાલદાસને પોતાની કાયરતા ઉપર તિરસ્કાર છૂટયો તેની આખ કાઇક વિકાળ થઇ સારૂ શરીર ક્રોધથી કપી ઉઠયુ પોતાની તલવાર મ્યાનમાથી કાઢી તે સિહની માફક ઘૂરકી ઉઠયો “નાદાન ! તુ અત્યારે કોનું અપમાન કરી રહી છે તે સમજે છે ? જો તુ કાલાવાલાથી વશ ના થઇશ તો આખરે મારે છેલ્લો ઉપાય લેવો પડશે તારી કટાર જેવી કઇકને મે રોળી નાંખી છે માટ સમજીને માનશે તો તારો દાસાનુદાસ થવા હું તત્પર છુ અને ન માનશે તો તારૂ મૃત્યુ પણ મારા હાથમાજ સમજજે” આમ કહી ઉત્તરનો રાહ જોતો તલવાર સાવચેતીથી પકડી એક યોધ્ધાસમ તે ઉભો એનુ સમસ્ત શરીર શૌર્યથી કપતુ હતુ. તલવાર પણ હાથમાથી વિજળીસમ ચમકારા મારી રહી હતી. વિષયાંધ નયનો

વીરમતીના આખા શરીર ઉપર આમથી તેમ દોડાદોડ કરી રહ્યા હતા. આ વખતે એ એક જવામર્દ વીરસમ અદ્ભુત પરાક્રમી દિસતો હતો, પરતુ એનુ જવામર્દપણુ અસ્થાને હતુ

વીરમતી ! એક સાચી પતિવ્રતા સતી વીરમતી, પ્રાણથી પણ ધર્મને વહાલો ગણી મૃત્યુની પૂરવા ન કરનારી વીરમતી, લાલદાસના આ ખુમરાણથી ન ડગી, ન ચળી કે ન સ્હેજે પાછી હઠી તે ગર્જી ઉઠી. કપુત ! કુલાગાર ! આ ક્ષત્રિયતાનો કેટલો બધો દુરૂપયોગ ? જો તારૂ સમસ્ત શરીર કેવુ એક યુધ્ધનિપુણ સાચા યોધ્ધા સમ દેખાય છે પરતુ તારૂ એ બળ આ અબળા ઉપર અને તે પણ વળી નિચ્ચવૃત્તિ બર લાવવા કા અજમાવે છે ? વિચાર કર ! તારી નજર આગળ પ્રાચીન શિયળ સાચવણી માટે મરી ફીટનારી સાધવી ક્ષત્રાણીનો તાદ્રશ્ય ચિતાર ખડો કર ! હુ કોઈ પણ ભોગે મારૂ પાતિવ્રત્ય પણ ચૂકીશ નહિ તુ ન માનશે તો હુ કે તુ આજે યમસદન પહોચીશુ માટે વિચાર કર ” વીરમતીએ અતિ ગભીરાઈથી બોધ આપ્યો એની મુખાકૃત્તિ ઉપર કોઈ અનેરી સાત્વિકતાના પ્રભાવ ઉછળતા હતા એના દરેક શબ્દોમા દૈવી પ્રભુતા ઉછળતી હતી

આ બોધથી સમજવાને બદલે લાલદાસ ઉલટો ચીડાયો. તે બલાત્કાર કરવા ધસી આવ્યો “ તુ નહિ માનશે ? મારા સાબુત કાડાબાવળા શિથિલ નથી થયા નહિ માનશે તો કયા જવાની ” આમ કહી જેવો બે હસ્ત પહોળા કરી વીરમતિ પાસે જાય છે ત્યા તો લાલદાસના એક ઘા ને બે કટકા

આ શુ ? વિફરેલી સિહણે પોતાના શિયળને માટે છેવટનો દાવ અજમાવ્યો પોતાની રક્ષિકા કટાર વડે એણે પોતાનુ રક્ષણ કીધુ ઘડીભર ક્રોધમા ને ક્રોધમા ખડમાથી

આમ ને તેમ આટા માર્યા પછી પેલા અપવિત્ર પલંગ ઉપરના પાથરણાના વિટામા લાલદાસને વિટી એજ પલગની પાટી વડે તેને સજ્જડ બાધી બારીમાથી બહાર ફેંકી દઇ તેની ઉપર તિરસ્કારનો વરસાદ વરસાવતી વીરમતી બારીએજ ઉભી

પ્રકરણ ૯ મું.

સંકટની પરંપરા !

મધ્યાનનો સમય સૂર્ય પોતાની જ્યોત્સના ચોમુખ પ્રસરાવી રહ્યો હતો આટલા સખત તાપમા પણ સહસ્રલિંગ તળાવ ઉપર તો મદમદ વાયુ પોતાની શિતળતાજ વરસાવી રહ્યો હતો એ તળાવ ઉપર એક તરૂણ આવવા લાગ્યો. દૂરથી એક આમ્રતરૂ ઉપર નજર ફેંકી તે વિચારમા પડયો આજુબાજુ જોયુ. તેની મુખમુદ્રા બદલાઇ ગઇ. પુન સ્હેજ વારમા સમસ્ત તળાવની ચોગમ તેણે પોતાની ચપળ ચક્ષુ ફરકાવી હવે તો તે તદ્દનજ હતાશ થઇ ગયો તેણે ઉચુ જોયુ નીચેનો હોષ્ઠ દાત સાથે દાબી હૃદય તરફ જોયુ પુન પોતાની આખ ચારે બાજુ ફેરવી આખરે તેણે પોતાની સમશેર સરરર કરતી બહાર કાઢી, અને ખુલ્લી તરવારેજ તે પાળ ઉપરથી નીચે તેમજ દાબી અને જમણી બાજુ ગાડાની માફક ભમવા લાગ્યો. બીજા મસાફરોમાંથી કોઇક એને વિચિત્ર ગણી ચાલતા થતા.

કોઇક તમાસો જોવા ઉભા રહેતા ઘડીભર ઉભા રહે એટલામા એ તરૂણુની અગ્નિના તણુખા ઝેરવતી વિકરાળ આખ તેઓની ઉપર પડતી તો કેટલાક છાનામાના માપી જતા. તો કોઇક એને જોઈ અતિ વિચારમા પડી જતા

વાચક ! સમજવામા આવી ગયુ હશે કે એ તરુણ બીજો કોઈ નહિ પરતુ વીરમતીને પેલા આમ્રતરૂ નીચે મૂકી સગવડ કરવા ગએલો આપણો કથા નાયક વીર જગદેવજ હતો. તે પાછો આવી જુએ છે તો વીરમતી ના જણાઇ આથી તે ઉપર કહ્યા જેવો જણાતો હતો. વીરમતી ઉપરનો અસીમ અખૂટ–ચીરજીવ પ્રેમ એના હૃદયને આ વખને વલોવી નાખતો હતો. એને ચોક્કસ વ્હેમ પડયો કે એ કોઇની દગલબાજીમા સપડાઈ ગઇ છે, અને એથી શુ રસ્તો લેવો તેના વિચારમા ગરકાઉ બની વિચાર પ્રમાણે મુખાકૃતિના ભાવ બદલતો એ વીર આમથી તેમ આટા મારતો હતો

અરે ! આ શુ ? શી આફત ! "મારો પકડો ચેહી વો હરામખોર" આવી બૂમો મારતા કેટલાક હથિયારધારી સૈનિકો જગદેવને પકડવા આવ્યા ચારે પાસ ઓચિંતા ઘેરી આવેલા સૈનિકો અને વચ્ચે આપણો વીર ! એ તો સજ્જ થઇજ રહેલો હતો એને સજ્જ થવા જેવુ કશુ હતુજ નહિ વીરમતીના ગુમ થવાથી એ ક્રોધિત તો થઇ રહ્યો હતો તેમા વળી આ વગર ગુહ્નેે એને સૈનિકો પકડવા આવ્યા, એથી તો એના ગુસ્સાની હદજ ના રહી બોલ્યા ચાલ્યા વગરજ પળવારમા તેણે બે ચાર સૈનિકને ખતમ કરી નાખ્યા. કેટલાક સૈનિકો પાછળ ઉભા ઉભા, ગપ્પા હાકતા હતા. કેટલાક આગળ આવી જગદેવને પકડવામા સહાયતા આપવા જતા હતા. એવામાં આમ એકાએક ચાર–પાચ ઘુડઘા ઘડઘડ

નીચે પડવાથી તેઓ સર્વ બેબાકળા બની ગયા કેટલાક તો જીવ લઇને નાઠા કેટલાક દૂર ઉભા રહી તમાસો જોવા લાગ્યા કેટલાકે તલવાર બહાર કાઢી બદલો વાળવા યુધ્ધ શરૂ કર્યુ ગમે તેમ તો પણ આપણો વીર એકલો હતો એની આગળ પાછળ દશેક સૈનિકોનુ ટોળું ઝઝુમતુ હતુ

શાબાશ ! બીજા બેએકને જગદેવે યમસદન પહોચાડયા એક જીવતોજ નીચે તરફડીયા ખાતો પુન બેઠો થવા જતો હતો એવામા તો આપણો વીર પટા ખેલતો ખેલતોજ તેને પગ વડે ઉંધો કરી નાખી ઉપર ઉભો રહી લડવા લાગ્યો. આ બનાવ જોઇ બીજા બે ત્રણ મૂર્જી ઉઠયા તે પણ ભાગ્યા હવે માત્ર ત્રણજ સૈનિકો જગદેવ સામે રહ્યા તેમાના એકના જમણા હાથમા જગદેવની ભવાનીસમ તલવાર પડવાથી તેનો હસ્ત કયા જઇને પડયો તે પણ ના જણાયુ હથિયારહીન થવાથી તે પણ નાઠો આ ટુકડીનો તે સરદાર હતો તેને નાસતો જોઇ બીજા બધા ભાગી ગયા

ધન્ય વીર ! ધન્ય ! ગગનમાથી પુષ્પવૃષ્ટિ થઇ એકલા એક વીરેજ પચ્ચીસ માણુસના કાપલાને હતાશ કીધા. સર્વ જોનાર અને સાભળનારને એની અદ્દભૂત શૌર્યતાએ દિગ કરી નાખ્યા

આ સૈનિકો તે બીજા કોઇ નહિ પરતુ પેલા કામાધ લપટ લાલદાસનાજ માણુસો હતા વીરમતીને પોતાની કરવા એણે પોતાના પિતાજીના હાથ નીચે રહેલા સૈનિકો પૈકી એક ટુકડીને બોલાવી જગદેવની નિશાની આપી તેને કયા તો કેદ કરી કે કયા, તો મારી નાખી આવવાનો હુકમ કર્યો હતો પ્રજાના રક્ષણ માટે પ્રજાના પૈસામાથી પગાર ખાતા, એ અધિકારીઓ અને સૈનિકો પગાર આપનારનુજ રક્ષણ

કરવાને બદલે ભક્ષણ કરતા સ્હેજે અચકાતા નથી એ બીના ખરેખર ખેદ જનક છે લાલદાસે પોતાના પિતાને મળેલી સત્તાનો દુરૂપયોગ કીધો પરંતુ પરમેશ્વર હમેશ સાચાનોજ સાથી છે તેણે આ સત્યપરાયણ જગદેવને કેવી અદ્‌ભૂત શકિત આપી ઉગાર્યો એજ એનુ પ્રત્યક્ષ પ્રમાણ છે

યુધ્ધમાથી પરવારી વીર પડેલા મુડદા ઉપર ધિટકાર વરસાવતો આગળ ચાલવા લાગ્યો ઉભા રહેલા જથ્થાએ નાશભાગ કરી મૂકી પણ એનો એને સ્હેજ ખ્યાલ નો'તો એના હૃદયમા વીરમતી સિવાય અન્ય કાઇજ જણાતુ નથી એ શુન્ય-મૂઢ જેવો જયાને ત્યા ભમવા લાગ્યો.

પ્રકરણ ૧૦ મું.

પરાક્રમની પ્રસાદી !

બહાદુર વીરમતીએ મૃત લાલદાસને નીચે પોટકા સાથે ફેકયો કે ત્યા ધબ લઇ એક મોટો અવાજ થયો એટલે કોટવાળો તપાસ કરવા આવ્યા. બધાના મુખ ઉપર આનંદની રેલ રેલાતી જણાઈ સર્વ ગુપચુપ વાતો કરતા જણાયા આખરે બધાએ મળી એક નિશ્ચય કીધો

પાપીઓના અમલમા પાપની પરાકાષ્ટા હોય એ સ્વાભાવિક છે લાલદાસના પિતા ડુંગરસિંહ એક લોભી, ધૂર્ત અને

પાખડી નિષ્ઠુર વિચારનો નગરરક્ષક હતો એની કાર્કિર્દિમા કેટલાઓ ગરીબ, બિચારા નિર્દોષ પ્રાણીઓ નિષ્ઠુરતા અને કપટતાના ભોગ થયા હતા. એના હાથ નીચેના કોટવાળો કે સિપાઇઓ પણ એનુજ અનુકરણ કરતા કોઈ પણ જગ્યા- એથી કોઈ પણ યુક્તિથી કાઇ પણ મેળવાતુ તો તેમા પેલો ધૂર્ત નગરરક્ષક અડધો ભાગ લેતો અને ચોરી યા કપટ કર- નારને અડધુ આપી સહીસલામ પસાર થવા દેતો આતે રક્ષણ કે ભક્ષણ ? જેનો 'રક્ષકજ ભક્ષક' તેનુ આવી ના બન્યુ ? આ વિષે રાજ્યનિપુણ સિધ્ધરાજના કાન ઉપર એક બે વાત અત્યાર સુધીમા ગઈ હતી એની પુરી તપાસમાજ એ હતો. એવામા આ બનાવ બન્યો. આ પાપીઓ તો પેલુ પોટકુ મળવાથી નિયમાનુસાર ખુશ થતા થતા, ડુગરસિહની મેળીએ ગયા એઓને એમ આશા હતી, કે કોઈ લુચ્ચાઓએ (બીજા લુચ્ચા પોતે સત્યનિષ્ઠ !) ચોરી કરી આ માલ લઇ ભાગવાનો વિચાર કર્યો હશે પરતુ એવામા આપણે આવ્યા અને ફાવ્યા.

પોટકાને ઉચકયુ સજ્જડ ભારે જણાયુ તેમ તેમ તેઓ આનદમા ગરકાઉ થઈ જવા લાગ્યા સર્વ ડુગરસિંહ પાસે આવ્યા. તે પણ ખુશ ખુશ થઇ ગયો

રે ' કિસ્મત ' ડુગરસિહનુ લોભી અને નિષ્ઠુર હૃદય આનદના હિડોળા ખાતુ ખાતુ કરમાઈ ગયું ન રહી તેને શાન કે ન રહી તેને શુધ્ધિ ? તે ચોધાર આસુએ રોવા લાગ્યો માથા ફોડવા લાગ્યો. બધા કોટવાળો ઝંખવાણા પડી ગયા ધન દોલતના લોભીએ અતિ હર્ષથી પોટકુ છોડયુ તો અંદરથી ભાઇ સાહેબ નીકળ્યા એથીજ ઉક્ત ચિન્હોએ દેખાવ દીધો હતો.

કેટલોક વખત માથાફોડ કરી બીજાઓના સમજાવવાથી

ડુંગરસિંહ કંઇક શાન્ત થયો પુન લાલદાસની ઉપર નજર જતા વેરની વસુલાત લેવા ક્રોધ અતિ પ્રદિપ્ત થયો

પોતાના હાથ નીચે કેટલાક સિપાઇઓ અને કોટવાળોને લઇ તે લાલદાસની મૃત્યુભૂમિ આગળ આવ્યો. જામોતી પાસે દ્વાર ઉઘડાવી સર્વે અંદર ગયા અને બનેલી બીના જાણી લાલદાસના મૃત્યુની બીનાએ જામોતીના હાજા ગગડાવી નાખ્યા તે સર્વાંગ ધ્રૂજવા લાગી. કંઇક વિચારી યુક્તિ રચી પોતાને માથેથી ભાર ઓછો કરવા તેણે જણાવ્યુ લાલદાસને મારનાર પાપિણી મારા કબજામા છે આપ શા માટે શોક કરો છો ચાલો એ કુલટાને યોગ્ય બદલો વાળી આપી વેરની વસુલાત લ્યો" સર્વ હર્ષિત થયા "લાલદાસનો શિકાર હાથ આવ્યો" "ખૂનનો બદલો ખૂન' વગેરે પોકારો કરતા તેઓ રંગમહેલ નજદીક આવ્યા જામોતી જેમમા ને જેમમા રંગ-મહેલના દ્વાર ખોલવા ગઇ પણ એને ભાન નથી કે વીરમતી ભારતની કહેવાતી અબળાના જેવી નો'તી એને કપટમા ભોળવી એણે સાપે છછુંદર ગળ્યા જેવુ કીધુ હતું વીરમતા એક સાચી ક્ષત્રાણિ હતી તે લોહીથી લાલ થયેલી પોતાની રક્ષક કટાર હાથમા લઇ ઓરડામા ખડે પગે કટીબધ્ધ હતી. તાકાત નથી કોઇ સાચા નરકેશરીની કે તે અંદર પગ મૂકી શકે.

જ્યારે દ્વાર અંદરથી બંધ જોયા ત્યારે સર્વ ઝંખવાણા પડી ગયા ડુંગરસિંહે આજુબાજુ જોયુ તો દ્વારની ઉપર દિવાલે નાની ખુલ્લી ત્રણ બારીઓ હવા જવા માટે હતી તે જણાઇ તુરતજ તેણે નિસરણી મંગાવી અને પોતાના એક યોદ્ધાને અંદર જઇ વીરમતીનો શિરચ્છેદ કરવા જણાવ્યુ. લાલદાસને મારનાર એ સ્ત્રી કોઈ વીરત્વીજ હશે રખેને આપણા પણ એ હાલ થાય એ વિચારથી તે સ્હેજ

ધ્રૂજ્યો. પરંતુ એની તાકાત નો'તી–એટલી સ્વતંત્રતા નો'તી કે આ પાપી કૃત્ય નહિ કરવા એ પોતાના ઉપરીને 'ના' પણ કહી શકે નિસરણી પર જઈ બારીમાં ડોકું ઘાલ્યું ત્યાં તો એક ઘાને બે કટકા ડોકું રંગ મહેલમાં અને ધડ બધા ટોળાની વચ્ચે બહાર પડયું સર્વ સ્તબ્ધ થયા પણ ક્રોધિતને શાન હોતી નથી. તુરત તેણે બીજાને હુકમ કીધો. એનીએ એજ દશા અહા ! બબ્બે ખૂન થયા છતાં એ પાપિષ્ઠ અમલદારને ભાન ના આવ્યું કે મારા આ સેવકોનો હું વગર કારણે પ્રાણ હરી રહ્યો છું "માણસનો ક્રોધ ચઢે તે વખતે તે મનુષ્ય નથી" આ વાકયનો અત્રે તાદ્રશ્ય ચિતાર ખડો થાય છે એક બે નહિ પરંતુ આવી રીતે અગીઆર જણાને બહાદુર વીર ક્ષત્રાણિ વીરમતીએ તેના અગાઉના પાપી કૃત્યો બદલ શિક્ષા કીધી. પોતાના શિયળ રક્ષણને માટે એ હજારો ખૂનો કરવા તૈયાર હતી. છતાં પણ શિયળ ના સચવાય તો પોતાના પ્રાણ વિસર્જન કરવાની પણ એનામાં અચળ તાકાત હતી

એક બાજુ ચાંડાલણ જામોતી તેની સહચારિકા સાથે ઉભેલી, બીજી બાજુ લોભી કુલાગાર ડુંગરસિંહ પોતાના સિપાહ–સાલાર સાથે ઉભેલો અને વચ્ચે અગીઆર ધડો માથાવગર પડેલા હતા આખી નિસરણી, દિવાલ, બારણા તેમજ નિચેનો ચોક સર્વ લોહી-લોહાણથી રાતા થઈ ગએલા હતા. કેટલાએ માણસોના અંગ પર પણ લોહીનો છંટકાર થયેલો હતો, અરે ! પણ આ શું ? એટલામાં તો કોઈ વીરલ વિભૂતિ પોતાના એ દૈવીનૂરના અંબારથી આખા ચોકમાં પ્રકાશ પ્રદિપ્ત કરનાર દેદિપ્યમાન મૂર્તિ જણાઈ. ઘડીભર પાપી કૃત્યથી મરતા સિપાઈઓ ત્રાહી દીનાનાથના, ડુંગરસિંહના હુકમના, અને મળેલા જુથ્થો

વગેરેના અવાજોથી ખળભળી ઉઠેલુ એ વાતાવરણ આ પ્રકાશિત વીરના આવ્યાથી શાન્ત થઇ ગયુ આ કુતુહલથી વીરમતીને અજાયબી લાગી તેણે બારણાની ફાટમાથી નજર કરી તો તેનુ હૃદય પ્રફુલ્લ બની ગયુ તેની ચપળ નયનો હર્ષના ઉછાળાથી નૃત્યુ કરવા લાગી સર્વ અ ગ ઉપર પ્રસન્નતાદેવી પ્રસન્ન થઇ સ્ફુરવા લાગી જાણે પોતાના ધમ રક્ષણાર્થે દુ ખભ જન દયાળુ દેવજ નહિ પ્રકટયા હોય ? આ ભાવના ખડી થતાજ વીરમતીએ એ દૈવી મૂર્તિને સાષ્ટાગ પ્રણામ કર્યા અને અ તરથી પ્રાર્થ્યા.

એટલામા પુન કોઇ વીરતાથી પરિપૂર્ણ વીર હાથમા ખુલ્લી તલવાર લઇ "જામોતી કયા છે ?" કરતો આવ્યો આ દ્રશ્ય નિહાળી જામોતી લપાતી, છુપાતી, ભાગવા લાગી ત્યા તો ભવાની રૂપધારી સમશેરને કુદાવનાર વીરની નજરે તે પડી તુરત તે ત્વરીત વેગે ધસ્યો અને ભાગતી જામોતી ઉપર હતુ તેટલુ બળ વાપરી જોરથી સમશેર ફેકી વીરના હાથથી છૂટેલી સમશેર જામોતિના માથાના પાછળના ભાગમા ધડ દઇને બાઝી માથુ ફાટી ગયુ જામોતી ચક્કર ખાઇ નીચે પડી. તુરતજ પેલો વીર ધસી આવ્યો અને જામોતીની બોચી પકડી માથુ ધૂણાવતો, દાત કચડતો, બોલવા લાગ્યો, "દુષ્ટ ! લે આ તારા કુકૃત્યનો બદલો ઓ પાપિણી ! એક સાચી ક્ષત્રાણિને સતાવવામા કેટલુ જોખમ રહેલુ છે તેનુ તારા જેવી બીજી કુલટાઓને આથી ભાન પણ થશે ? તારા " આમ ત્રાડે છે એટલામા તો ચોકમાના બધા માણસો ત્યા ધસી આવ્યા પેલી પ્રભાવશાળી મૂર્તિ પણ આવી એના પ્રભાવથીજ જામો-તીની ઉપર દાત પીસતા વીરને કાઇક શાતા વળી. તે શાન્ત ચિત્તે નમસ્કાર કરી ઉભો.

એક બીજાને કોઇ ઓળખતુ નથી કોઈ બોલતુ પણ નથી કેવળ શુન્ય સમ બધા ઉભાજ રહ્યા, વાચક બધુ ! વીરમતીને કોઇ સ્ત્રી લઇ ગઇ છે આ વાત જાણ્યા પછી નાગી તલવારે ગાડા જેવો આમથી તેમ ભટકતો આપણો વીર જગદેવજ એને સાચા સમાચાર મળવાથી અત્રે આવ્યો હતો. તે પોતાની પત્નિને પીડનારને યોગ્ય શિક્ષા કરી પેલી ઓજસ્વિતાથી પરિપૂર્ણ મૂર્તિને નમસ્કાર કરી ઉભો.

પ્રભાવશાળી મૂર્તિ પાટણના રાજ્યમા બીજી કોણ હોઇ શકે ? વીરમતીના રક્ષણાર્થે દેવતો નો'તા ઉતર્યા પરતુ દૂરના (સ્વર્ગના) દેવ આવે તે પહેલા આ પાસેનાજ (પાટણનાજ) દેવ —દેવ નહિ તો દેવસમ લેખાતા—સિધ્ધરાજ આવ્યા હતા એનો પ્રભાવ, એની કાતિ, એના નયનની પ્રેમાળ રસધાર અને એના કપાળની તેજસ્વિતા વગેરેથી સજ્જ થયેલી એની મુખાકૃતિ અચૂક દૈવી આકૃતિની ઝાખી કરાવતી હતી

પ્રકરણ ૧૧ મું.

પ્રારબ્ધ—પરિવર્તન.

" જામોતી કયા છે ? " આ પતિદેવનો, અવાજ કાને પડતાજ વીરમતીનુ ઉષ્ણ શોણિત અતિ ઉષ્ણ બન્યુ, અને સારાએ શરીરને કપાવવા લાગ્યુ આ ઉષ્ણતામા જુદાપણુ

હતુ પ્રથમનું ઉષ્ણ લોહી સકટની સકડામણથી ગભરાઈને ભાવી કેમ કરશે ? એના વિચાર અને બીજા બાહ્ય પ્રહારોથી આખા શરીરમા અગ્નિ વરસાવી તરફડીયા મારતુ હતુ, ત્યારે આ વખતનુ ઉષ્ણ લોહી પોતાના પતિદેવના અને પેલી દૈવી મહર્ષિના ક્યારે દર્શન કરી કૃતકૃત્ય થાઉ ? તેમજ જામોતીનુ મૃત્યુ, પોતાના શિયળની રક્ષા વગેરે પ્રારબ્ધ પરિવર્તનના હર્ષના અનેક ઉમળકાથી સમસ્ત શરીરમા દોડી રહ્યુ હતુ

વીરમતી ક્યા ? આ વિચાર આવતાજ જગદેવ ચોક તરફ જવા લાગ્યો સર્વ મડળ પણ તે તરફ ગયુ એક પણ માણસથી નાસી જવાય એમ નો'તુ કારણમા એક તો ન્યાયપરાયણ સિધ્ધરાજે અગમચેતિ વાપરી પ્રથમથીજ કોઈને અત્રેથી નહિ જવા બદલ હુકમ કર્યો હતો અને બીજુ જગદેવ બહારથી આવ્યો ત્યારે એકેએક દુશ્મનોને ઘેરી લઈ બધાનેજ ઠાર કરવાના ઈરાદાથી દ્વાર બધ કરીને આવ્યો હતો વીરતાથી ભરપૂર એ વીરને સ્હેજે ડર ના લાગ્યો કે હુ ઘેરાઈશ તો મારી શી સ્થિતિ થશે ? પણ બીકને તો એણે તિલાજલી આપી હતીને ?

ચોકમા સિધ્ધરાજ એક આસને બિરાજ્યો ડુગરસિહ તેમજ બીજા સિપાઈઓ અને પરિચારિકાઓ ડાબી બાજુએ ઉભા આપણો વીર જમણી બાજુ અદબથી ઉભો દ્વાર ઉઘડયા. અહા ! જાણે ઓરડાના અધકારમાથી વિજળી ધીમી રહી સરી જવા લાગી. એક હસ્તમા લોહીથી ન્હવાયેલી કટાર, મુષ્ઠિબદ્ધ કપતો બીજો હસ્ત, ભવ્ય કપાળ, પ્રેમ-શૌર્યના અડોલ ઝરણા ઝેરવતી ચક્ષુઓની મીઠાશથી ચચળતાથી સ્વર્ગ સુખને ભુલાવતી વીરમતી ધીમી ધીમી આગળ વધી બહાર આવી

સિધ્ધરાજે પોતાની મધુર વાણી ઉચ્ચારી "શત્રુના ગૃહમા પ્રવેશ કરીને શત્રુને ઠાર કરનાર વીર ! અને શિયળ રક્ષણાર્થે

અબળા નામને પદભ્રષ્ટ કરી અગીઆર અગીઆર નાપાકોને યમસદન પહોચાડનાર ભારતમાતાની લાડીલી વીરાગના ! તમો ઉભયને મારા વદન હો !" એટલામા તો સિધ્ધરાજના હુકમથી પ્રધાન, સેનાપતિ, બીજા સામત–સરદારો વગેરે દરબારી સભાજનો આવી પહોચ્યા જામોતીનુ જાલિમ મકાન શુધ્ધિ કરવા લાગ્યુ ચોકમાજ દરબાર ભરાયો સર્વ સ્વસ્થ થઇને બેઠા

એટલામા તો આપણા કથાનાયક વીર–વીરાગનાને સબોધીને સિધ્ધરાજે ઘણીએ પ્રશસા કીધી. બાદ ઓળખાણ માગી ત્યારે આપણો વીર શાન્ત ચિત્તે ઉગ્ર હૃદયને ધીરતાથી ભરી "પોતાના પ્રકાશથી સારાએ જગતને જગાડનાર દિનકરરસ્મિ સમ પ્રતાપી ક્ષત્રિય કુલ શિરોમણી વીરનરકેશરી ! અમો ઉભયના આપને વદન હો પ્રણામ હો !" આમ કહી પોતાની આપવા યોગ્ય ઓળખાણ આપી અને પોતાની ભાવી આશા પણ જણાવી

સિધ્ધરાજની મુખાકૃતિ આનંદની છોળો ઉછાળતી જણાઇ. આવો પરાક્રમી વીર અને આવી પ્રભાવગુણ સમ્પન્ન વીરાગના પોતાની સેવામા રહેવા ઇચ્છે છે એ બીના સાભળતાજ તેનુ હૈયુ પ્રફુલ્લ બની ગયુ વીરમતીની આ સ્થિતિ થવાનુ કારણ પૂછતા જાણમા હતી તેટલી જગદેવે અને બીજી વીરમતીએ જણાવી. પોતાની ઉપર વિધિએ વર્તાવેલી ક્રૂર વર્તણુક વર્ણવતા એનો મોરલીના નાદશો મધુર કઠ રૂધાઇ ગયો અને આગળ જ્યારે અગીઆર ખૂનોની વાત આવી ત્યારે તો તેનુ સર્વ શરીર કપી ઉઠયુ. અગીઆર ખૂન કરતા તો કરાઇ ગયા પરતુ વર્ણવવાની તેનામા શક્તિ ના રહી. આખરે સર્વ બીના જાણી પોતાના રાજ્યમાં વર્ત્તતો કે'ર નિહાળી તેની લાલચોળ આખમાથી અગ્નિના તણખા ઝરવા લાગ્યા મૂખ ઉપરની સર્વ પ્રેમ અને

શાન્તિની નિશાનીઓ અદ્રશ્ય થઈ ગઈ તે ઉભો થઇ ગયો આખી સભાના સભાજનોનુ હૃદય ધ્રૂજી ઉઠયુ આખી સભા એની સામુ ટગર ટગર જોઈ રહી તે ત્રાડી ઉઠયો 'મારી આટલી આટલી સતત્ મહેનત, કોઇ પણ અમલદાર પૈસે ટકે રિબાઈ કુકૃત્ય ના કરે એ ઇરાદાથી વેરેલુ આટલુ આટલુ દ્રવ્ય એ સર્વ આજે પાણીમા ગયુ મારા પ્રયાસો ધૂળ ઉપર લીપણ નીવડયા મારા પૈસા પત્થર ઉપર પાણી સમ નિરર્થક ગયા હશે તેની મને બીલકુલ પરવા નથી પરતુ "મારી પ્રજા અને હુ તેનો રક્ષક" આ સિધ્ધાન્તે મારી પ્રજાને કોઈ પણ જાતની અગવડતા વેઠવી ન પડે તેની સભાળ માટે સારા સારા પગારેથી નીમેલા આ રક્ષકોજ આમ ચોરી, કપટ અને જાલિમતાથી પ્રજા વર્ગમા કેર વર્તાવે એ બીના કલકરૂપ છે—અસહ્ય છે હુ આ સર્વ સિપાઇઓ, જામોતીની દાસીઓ અને બીજી શહેરમા વસતી દરેક ગુણિકાઓને જન્મભરની કેદ અને આ નિમકહરામ ડુગરસિહને દેહાત દડની શિક્ષા ફરમાવુ છુ અને વધુમા આ વીર દપતિ–યુગલનુ દ્રષ્ટાન્ત મારી પ્રજા સમક્ષ આદર્શ તરીકે મૂકી આ વીરને એના પરાક્રમની પ્રસાદીરૂપ દરરોજના એક હજાર રૂપિયાથી મારા અગરક્ષકની જગ્યા આપી એનુ વીરતા અને નમ્રતાથી પરિપૂર્ણ જીવન દીર્ઘ થાય એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરૂ છુ.'

સિધ્ધરાજનુ ભાષણ પુરૂ થતા વધુ પડતી સજા નહિ કરવા જગદેવે વિનતિ કરતા ડુગરસિહને દેશનિકાલ અને બીજા સર્વને નગરનિકાલની સજા રાજાજીએ કીધી અને તેનો તુરતજ અમલ થયો આવી રીતે આ વીર દમ્પતિ–યુગલની વીરતાથી નગરમા દાખલ થતાજ શહેરમાના પાપોનો પ્રલય થયો અને એમના પ્રારબ્ધનુ અજબ પરિવર્તન પણ થયુ.

પ્રકરણ ૧૨ મું.

એકદર રાજબીજ.

આજે ધારાનગરી નિશ્ચેષ્ઠ શી અવળે પથે ગમન કરતી જણાય છે વર્ષો થયા પ્રહારો ઉપર પ્રહારો પડયા જાય છે છતા અંધ-એકદર રાજાની ચક્ષુ નથી ખુલતી એને પોતાની સ્ત્રી સિવાય કશુજ દેખાતુ નથી રાજ્ય કુટુંબમા તો શુ પરતુ રાજ્ય કારભારમા પણ સ્ત્રીઓનુ ચલણ શરૂ થઇ ગયુ છે જ્યા કુલાગારોને હાથ ન્યાય થાય ત્યા પડતીની પરાકાષ્ટા સિવાય બીજુ શુ હોય શકે ?

રહેવાને નાની શી ઝુપડી, પહેરવાને ઉતરેલા અને ફાટેલા કપડા, ખાવાની તો કેટલીયે વિટંબણા અને આંધળાની આંખ-સમ પુત્ર જગદેવનો વિયોગ, આ બધા પ્રહારોએ સોલકી રાણી ઉદયમતિનુ મુખ નિશ્ચેષ્ઠ, મ્લાન અને ગ્લાનીયુકત દીસે છે તેના શરીરના એકેએક હાડકા ગણી શકાય છે. મુખ ઉપર કયાયે દ્રઢતા નથી. હાથ પગ મરવા પડયા છે આ બધુ છતા એનુ ભવ્ય કપાળ સતીત્વના ઓજસથી પરિપૂર્ણ ભાસે છે

રાત્રિના બારેક વાગ્યાનો સમય હતો ઝુપડીમા એક પ્રકાશિત દીપ ઝાંખુ અજવાળુ આપી રહ્યો હતો રાણી ઉદયમતિએ દીપ પાસે માથે હાથ દઇ બેઠી બેઠી પોતાની નિસ્તેજ બનેલી નયનોમાથી આંસુની ધારા વહેવરાવ્યા કરતી

હતી વિચારમાને વિચારમા એનુ વદન કાઇક પ્રફુલ્લિત બન્યુ જણાયુ તેના દ્વાર ઠોકાયા. રાણીએ દ્વાર ઉઘાડયા એક વીર અદર દાખલ થયો ઉભય દીપ પાસે આવી જમીન ઉપર બેઠા

વાચક! આવનાર વીર બીજો કોણ હોય ? ઉદયમતિને સહાય કરે, એના દુ ખમા ભાગ લે, એવો ધીરસિહ સિવાય અત્યારે તો આ ત્રિલોકમાથી કોઈ મળે એમ નો'તુ એ ધીર ધીરસિહ જગદેવને બચાવી છૂટો પડયો એટલે તેણે પોતાના કેદીઓ અને વ્યાઘ્ર જોડલાના સબ લઇ નગરમા અધારી રાત્રે દાખલ થયો છૂપી રીતે પોતાના મકાનના ભોયરામા કેદીઓ અને વ્યાઘ્ર જોડલાને મુકી ઉદયમતિને શાન્ત્વના આપવા પોતાના માણસોને સૌને સૌને ઘેર જવાની રજા આપી એ તુરતજ અત્રે આવ્યો એણે આવી બનેલી સર્વ બીના જણાવી વધુમા કહ્યુ " માતા ! આખરે સત્યનો જય છે. અને પાપીઓનો પ્રલય છે મને આપના પુત્રનુ ભાવી અલૌકિક લાગે છે નાની ઉમ્મર છતા એની ધૈર્યતા, શૌર્યતા અને કાર્ય પરાયણુતા મને દિગ કરે છે માટે આપે રિબાવાની કશી જરૂર નથી " કેટલીક આડીતેડી વાત કરતા ચાર વાગી ગયા સવાર થાય તો કોઇ જુએ અને ગુહ્નેગાર થાય એથી તે ચાલ્યો ગયો. આવી રીતે દરરોજ કોઈપણુ વખતે એ દુ ખી દિલથી દગ્ધ થતી પુત્રવિયોગી માતાને શાન્ત્વના આપવા આવતો.

કમળા! ઓ કુલાગાર કમળા! ધૂર્ત, દુષ્ટ, ક્રૂર, કપટી વગેરે સર્વ દુર્ગુણુ સમ્મપન્ન કમળા! તુ રૌ રૌ નર્કની અધિકારિણી કેમ ના બનશે? વાચક! ઉદયમતિને ધીરસિહ ધીરજ આપે એ આ પાપિણીથી જોઈ ના રહેવાયુ તે વાઘેલી રાણી પાસે ગઇ અને ધીરસિહને છુટો પાડવાની યુકિત કહી,

રાણી ગમે તેમ તો પણ ક્ષત્રાણિ હતી જગદેવના ગયા પછી ક્રૂરસિંહનો પત્તો ના લાગ્યો એ ત્યારથી બેબાકળી બની હતી. એને પોતાના પાપી કૃત્યોનો કાંઈક પસ્તાવો થતો હતો તેણે એ બાબતમા પડવાની ના પાડી પરંતુ સંગ તેવો રંગ કમળાએ યુક્તિ પ્રયુક્તિથી રાણીને સમજાવી નાખી અને રાણી કમળાના હવાઇ કિલ્લામા લુબ્ધ બની

પોતાના મકાનમા રાજા ઉદયાદિત્યને આવતો નિહાળી રાણી ઉદયમતિ હર્ષભેર પાતિવૃત્ય ધર્મ પ્રમાણે કમળપદ પૂજવા દોડી ગઈ ત્યા તો ધડ દઈને માથા ઉપર એક લાત પડી અહા ! ઓ દુષ્ટ રાજા ! એક સાચી સતીત્વપૂર્ણ સોલંકિણી તરૂ સ્વાગત-પૂજા કરવા આવે ત્યારે તેનો ઉપકાર તુ આવી રીતે વાળે ? નિશ્ચય ! તને એના ગુણની કયાથી કિંમત હોય ! એ તો કાગડાની કોટે રત્ન પડયુ એટલે તે તો નિરંતર તેને માસજ નિહાળવાનો અને દાવ આવ્યે તેને ચુથી નાખવાનો ! રાણીના માથામા લાત પડતાજ એનો સર્વ હર્ષ કયાએ લુપ્ત થઈ ગયો તે કંપી ઉઠી માથુ ફાટી જતુ અટકયુ રાણી બોલવા જાય છે, "પ્રાણનાથ " ત્યા તો દાત પીસી તલવાર કાઢી રાજા ત્રાડી ઉઠયો, "ઓહ ! દુષ્ટા ! હુ પ્રાણનાથ ? તારો પ્રાણનાથ હુ કે ધીરસિંહ ! તને "

રાણીને આ શબ્દો કારી ઘા જેવા લાગ્યા તે પૃથ્વીમાતાને સ્તુતિ કરવા લાગી કે " મને તારા ઉદરમા વાસો આપ. મારાથી આ શબ્દો સાંભળી શકાતા નથી " પરંતુ ગરીબથી બધા વેગળાજ રહે એની પ્રાર્થના કોણ સાંભળે તુરત રાજા પોકારી ઉઠયો " પાપિણી ! તુ એક રાજબીજની કન્યા થઈ આવાં દુષ્ટ કૃત્ય કરતા સ્હેજે અચકાતી નથી ?...."

રાણીનું હૃદય ચીરાઈ જવા લાગ્યુ હવે તેને ભાન ના રહ્યુ કે હુ કોની આગળ બોલુ છુ તે બોલવા જાય છે ત્યા તો રાજાએ હુકમ કીધો અને રાણી લોહશૃખલામા જકડાઇ રાણીએ પોતાને નિર્દોષ ઠેરવવા ઘણાએ ફાફા માર્યા પરતુ પત્થર પર પાણી ! તુરતજ રાજાએ ધીરસિહને બોલાવવા હુકમ કીધો ત્યા તો ધીરસિહ જાતેજ આવતો જણાયો રાજાનો વ્હેમ મજબુત થયો. ધીરસિહ દૂરથી રાજાને રાણીના ઝુપડામા જોઇને આનદિત થયો તેણે જાણ્યુ કે સકટ પરાયણ બિચારી રાણીને રાજા આશ્વાસન આપવા આવ્યા હશે એ નિષ્કપટી, નિષ્પાપી, ભોળા ધીરસિંહ ! તારી ધારણા એવી હોય એમા શી નવાઈ! પરતુ તે એ બેકદર રાજબીજને હજી ના પીછાણ્યુ ?

ધીરસિહના આવતાજ તેની ઉપર હજારો ગાળોના પ્રહારો કરી જાણે હમણાજ રાજા એને છૂદી મારશે એવી રીતે તેની સામો પોતાનો સમશેરધારી હાથ ધપાવી ધપાવી ત્રાડવા લાગ્યો ધીરસિહને આ પ્રહારો વજ્રપાતથીએ કઠણ લાગ્યા. તેને રાજા ઉપર ધિક્કાર વછુટયો તે પોકારી ઉઠયો " ઓ અંધ! હુ પાપી કે તુ ? હુ ધૂર્ત કે તુ ? પ્રજાપાલક પદ ભોગવતો હોવા છતા તારી સ્રીનાજ દુખોનુ તને ભાન નથી? તારી આજે શી સ્થિતિ છે. તેની તને કલ્પના પણ નથી ! તારા સમયમા રાજ્ય કારભારમા પણ કુલ્ટાઓનું ચલણ ચાલે! કયા સુધીની તારી બેવકુફાઈ ? સમજ ! હજી સમય છે સમજ ! અને માની જા કે આ તરકટમા તારી વાઘેલી રાણી અને કમળાનુ સ્રીચારિત્ર્યજ-કપટજ છે બીજુ કશુ નથી એક શુધ્ધ પાતિવ્રત્ય સતીની આવી સ્થિતિ કરતા તુ લજવાતો નથી ? ઓ મારી જનની જન્મભૂમિ ! તારી શી સ્થિતિ ! આજે આખી જનતા ત્રાહ્ય ત્રાહ્ય પોકારી રહી છે. રાજા ! તુ

સમજ! ”

ત્યા તો ક્રોધિત કાળીનાગ સમ ધુંધવાતા રાજાના મુખમાથી હુકમ નીકળ્યો “ કોઇ છે ? પકડો આ કુલાગારને!” ધીરસિંહે તલવાર મ્યાનમાથી કાઢી 'કોને ? મને ?” છે તાકાત ? એ સ્ત્રીવશ અંધ રાજા તારી કે તારા આ બાયલા રાજબીજના કોઇપણ અનુચરની ? કે મારી સામે એક આગળી પણ ઉંચી કરી શકે ? ” ધીરસિંહ ગર્જી ઉઠ્યો પકડવા ધસેલા સિપાહીઓના હાજા ગગડી ગયા ધીરસિંહે હુકમ કરતા તેમણે હથિયાર નીચે મુકયા રાજા આ દ્રશ્ય જોઈ કપી ઉઠયો તેને પોતાની જીંદગી ભય ભરેલી લાગી ત્યા તો ધીરસિંહે ચાલવા માડયું ન તો તેને રાજા તલવારથી તો શું પણ હુકમથી અટકાવી શકયો કે ન તો એ રાજાનો કોઈ રક્ષક અટકાવી શકયો! ધીરસિંહ તેના કેટલાક ચુનંદા સિપાહીઓ સાથે ઘોડેસ્વાર થઇ પોતાની જનની જન્મભૂમિને છેલ્ના પ્રણામ કરી ચાલ્યો ગયો

ગયો! ગયો! એ કપટી અને લોભી અમલદારોથી ભરપૂર રાજ્યમાથી આ એક સાચો હીરો હતો એ પણ રાજ્યની હદ છોડી ચાલ્યો ગયો. પોતાની માતૃભૂમિના વિયોગે અને ભાવી દુર્દૈવે એની ધીર આખમાથી પણ અશ્રુના ઝરણા ઝર્યા.

ધીરસિંહના મહેલની જડતી લેવાઈ તો ત્યા વ્યાઘ્ર દંપત અને કેદીઓ નીકળ્યા. આ જોઇ સર્વ ચકિત થયા તેની તપાસ ચાલે તે પહેલા તો કમળા યુકિતથી કેદીઓ પાસે ગઈ અને કપટી યુકિત બતાવી આવી રાણી વાઘેલી તો કેદીઓ જડયાના સમાચારથી બેભાનજ થઇ ગઈ હતી કમળાએ તેને આશ્વાસના આપી કે “વાઘેલી રાણીશ્રીએ ધીરસિંહની

પાછળ છુપી ચર્ચા જોવા અમને મુકેલા ધીરસિંહ જગદેવને મળી આપણા રાજ્ય ઉપર ચઢાઇ કરવાની તૈયારી કરતો હતો અમો એ નહિ નિહાળી શકયા તેઓની ઉપર અમે તૂટી પડયા પરતુ તેઓ પાસે અધિક સૈન્ય હોવાથી અમારી આ સ્થિતિ થઈ ' રાજા તેઓની ઉપર ફીદા થઈ ગયો અને શિક્ષાને બદલે શિરપાવ આપી તેમને કેદ મુકત કીધા. ધારાનુ રાજબીજ આમ બેકદર બન્યું હતુ ઠગારાને આશ્રય આપતુ હતુ અને સાત્વિક વીરોને વિદાય કરતુ હતુ

પ્રકરણ ૧૩ મું.

મૃત્યુના મુખમાં.

ઘનઘોર અધકારમય મધ્યરાત્રિનો સમય હતો ચોમાસાના દિવસ આકાશમાથી વેગભેરી વિજળી ધસતી અને કયાક સમાઇ જતી. ગગનના ભેરી કડાકાઓ થતા અને તેનો નાદ ચોગમ પ્રસરી લુપ્ત થઈ જતો ઝરમર ઝરમર વરસાદ પણ વરસી રહ્યો હતો આવા સમયે આપણો વીર જગદેવ એક સ્મશાન ભૂમિ તરફ આવતો જણાય છે.

સ્મશાન તરફ ? હા. સ્મશાન તરફજ આવતો જણાય છે ભરચક વસ્તીથી ભરેલા શહેરમા આવા સમયે એકાદ ગલીમા જતા પણ હાજા ગગડે તો આતો સ્મશાન ! અહા !

વીર ! ધન્ય, ધન્ય, તુજ નિડરતાને ! વીર અટકયો ! વિચારે વળગ્યો તેના હોષ્ઠ હાલ્યા તે બોલવા લાગ્યો

"મારા પગ આગળ કેમ નથી ઉપડતા આમ ઉભા રહેવાથી મારૂ કામ થાય ? આ તો કાયરતાની નિશાની ! ચારે બાજુ એક પણ માણસ નથી. બિહામણા પ્રચંડ એક વૃક્ષ સિવાય બીજી વનસ્પતિ પણ દિશતી નથી. ભડકા થાય છે. બુઝાય છે અને પુન થાય છે. મોટા મોટા વિકરાળ તાડ જેવા ભયકર ધાબા ખડા થાય છે, અને અલોપ થઈ જાય છે આ બધુ દ્રશ્ય કાયરને ધ્રૂજાવવાને જરૂર સમર્થ છેજ તો શું હુ પણ કાયર બનીશ ? નહિ, નહિ એ કાયરતાને, એ ડરપોકપણાને તો મે વિદાય કીધા છે મૃત્યુને તો હુ ભેટવા આવ્યો છુ ક્ષત્રિયબિરદને વફાદારી કરતા મૃત્યુ વ્હાલુ હોયજ ના ? હવે ઉભા રહેવાનુ કામ નથી"

વાચકબધુ ! આજે આપણા કથાનાયકની કસોટી છે એને દરરોજના એક હજાર રૂપિયાની જગ્યા મળ્યા પછી એ પોતે એક સાચા વીર રાજ્યભક્ત તરીકે એકનિષ્ઠાથી–કર્તવ્યપરાયણતાથી કામ કર્યો જતો હતો બીજા અમલદારો એની તરફ ઝેરી દ્રષ્ટિ પણ નાખતા "નવો આવેલો માણસ. શહેરમા આવતાજ એણે અને એની સ્ત્રી બન્નેએ કેટલાએ ખૂન કરી નાખ્યા. છતા ખૂનનો બદલો ખૂનથી લેવાનું તો દૂર રહ્યુ પરંતુ આતો ઉલટુ દરબાર ભરી ભારે પ્રશસા કરી દરરોજના હજાર રૂપિયા વેડફી નાખવા માડયા શુ જાણે આ આખા રાજ્યમા એવો કોઈ વીર હોયજ નહિ ?" આમ લોભી અને લાલચુ અમલદારો બબડતા ફફડતા પણ બધુ વ્યર્થ જતુ છતા દાવ આવ્યે જગદેવને કનડવા એઓ ચૂકતા નહિ આમ છતા વીર જગદેવ તો સર્વને સમાનજ ગણતો ઈર્ષા જેવી કોઈ વસ્તુ એના મગજમા હતીજ નહિ.

મહારાજા સિધ્ધરાજના અંગરક્ષક તરીકેની પદવી શોભાવવા આજે પણ આપણો વીર આવ્યો હતો રાત પડી મહારાજા પોઢયા પણ ખરા છતા જગદેવને જવાનુ કહેવાનું વિસરી ગયા રાજા તો ભર નિદ્રામા આળોટવા લાગ્યા વીર દ્વાર પાસે એકનિષ્ઠાથી સેવાર્થે ખડેપગે પોતાના આસન ઉપર બેસી રહ્યો હતો એવામા સારા જગતને હફાવી ચક્રવર્તિપદ ધારણ કરનાર વીર રાજા પથારીમા પડયો પડયો ધ્રુજવા લાગ્યો તેને સમય બહુ ભયંકર અને બિહામણો લાગ્યો તે બોલ્યો, "કોઇ છે કે ?" તુરત જગદેવ દોડી પહોચ્યો રાજા દિંગ થઈ ગયો 'તુ હજી અહિંજ છે ? રાતના બાર વાગ્યા હશે તારી પતિભક્ત પત્નિ બપૈયાની માફક રાહ જોતી હશે હજી કેમ ઘરે ના ગયો હા, હા હુ તને કહેવાનુ ભૂલી ગયો હતો કેમ ? વીર તારી વફાદારીને ધન્ય છે ! પણ આ કોઇ કોઈ વખત રૂદનના અને કોઇ કોઇ વખત વળી ગીત ગાવાના સ્વરો કયાથી આવે છે ? મને એનો ડર લાગે છે માટે સ્હેજ તપાસ કરી આવશે ?' રાજાએ સ્વપ્નથી ઉપસ્થિત થયલી ધ્રુજારી સમાવતા જણાવ્યુ

જગદેવે તુરત હા પાડી તેની મુખાકૃતિ ઉપર ઉલ્લાસ હતો—આવો ભયંકર સમય હોવા છતા સ્હેજે ડરવાની નિશાની નો'તી રાજા મનમાજ પ્રશંસા કરવા લાગ્યો, અને જગદેવની પ્રમાણિકતા નિહાળવા તે પણ જગદેવ પાછળ લપાતો છુપાતો ગયો જતા જતા પહેરવેશ બદલી બીજારૂપે બીજા અમલદારોને પણ "દરેકને જાતેજ તપાસ કરવાનુ રાજાજીએ કહ્યુ છે માટે જાવ અને જલદી તપાસ કરી રાજાજીને કહો કે આ રોવા ગાવાનુ કારણ શુ છે ? એમ કહેતો ગયો અમલદારો બબડવા લાગ્યા "પેલો હરરોજના

હજારો રૂપિયા રાજ્યમાથી પરદેશ મોકલી રાજ્યની પાય માલી કરે છે તેને આ કામ રાજાજી કેમ સોપતા નથી ?" રાજાજીએ હુપાવેશે અમલદારોની આ બધી દ્વેષથી ભરેલી વૃત્તિ પીછાણી અને પુન કહ્યુ, "ભાઇ હુ તો ચીઠ્ઠીનો ચાકર રાજાજીએ મને કહેવા મોકલ્યો ને મે કહ્યુ કહેતા હો તો તમારી મનેચ્છા રાજાજીને વિદિત કરૂ" પણ એક સમયસૂચક અમલદારે ના પાડી અને કહ્યુ "અમે તપાસ કરી આવીએ છીએ તુ જા

જગદેવ સ્મશાનભુમિમા આવ્યો કાઇક ડર્યો પાછો સચેત થયો તે આગળ વધ્યો અને જ્યા કાળા ધાબા રડતા હતા ત્યા જઈ બોલ્યો "ભાઇઓ તમો કોણ છો ? શા માટે રડો છો ?" પેહેલા કાળા ધાબાએ પ્રથમ તો તેને જતો રહેવા કહ્યું. પરતુ જ્યારે જગદેવની શક્તિએ તેઓના શરીરમા પ્રવેશ કીધો ને તે ચોકયા તે બોલ્યા ભાઇ ! તુ કોઇ વીર ક્ષત્રિય જણાય છે અમારૂ દુ ખ ભારે છે તારાથી વિદારી શકાશે નહિ એમ ધારી અમો કહેતા નો'ના પણ તારો આગ્રહ છે તો સાભળ "કાલે સવારે આ રાજ્યના ધર્માધિકારી, બહાદુર રાજાનો સૂર્ય અસ્ત થાય છે અમો તેના પૂર્વજો છીએ. અમારા કર્મકાડો કોણ કરાવશે ? અમો નર્કમા સડયાજ કરશુ ? વગેરે યાદ કરી રડયા કરીએ છીએ" આ કરુણ તેમજ અતિ ભયાનક સમાચાર સાભળી વીરના ગાત્ર શિથિલ થઇ ગયા કેટલોક વખત સુધી તે અવાચક ત્યાજ ચોટી રહ્યો એવામા દૂરથી કોઈનો ગરબે રમતા કલ્લોલ કરે એવો ધ્વનિ એના કર્ણે અથડાયો તે ચોકયો અને બોલી ઉઠયો "ભાઇઓ ! મને કાંઇ ઉપાય બતાવશો ? મારો રાજા આમ અકાળ મરણને શરણ થાય એ હું કેમ નિહાળી શકુ ? પેલા ધાબામાથી એકે કહ્યુ

"ભાઇ ! તે સ્વર્ગની ઇષ્ટ દેવીઓ છે, એ સિધ્ધરાજને લેવા આવી છે. અને તેથીજ ઉલ્લાસથી ગીતો ગાય આનંદ માણે છે તેને જો કાઇક પૂછે તો કદાચ એકાદ રસ્તો તેઓ બતાવશે"

જગદેવ ધીમે પગલે આગળ વધ્યો તેનું મગજ તદ્દન શૂન્યકાર થઈ ગયુ છે સર્વ અવયવોમા સ્હેજે બળ નથી. ધીમે ધીમે એ આવ્યો અને બોલ્યો "ઓ માતાઓ ! તમો આટલા ઉમગમા કેમ છો ? સિધ્ધરાજને લઈ જવાથી તમને આનદ લાગે છે પરતુ માતા ? એટલે તો કરુણા દેવી ! તમારી રગે રગે દયા સ્ફુરવી જોઇએ વિચાર કરો આ પાટણાધિકારી શૂર નરને તમે માળા આરોપશો એથી આજે આખી પૃથ્વિ ઝૂરી ઝૂરીને મરશે એમનુ રાજય રસાતાળ જશે માટે માતા કાઈ ઉપાય શોધો અને મને બતાવો કે કેમે કરી આ પ્રજા વત્સલ રાજાનું અકાલ મૃત્યુ અટકે !" જગદેવની વાત સાભળી સર્વ દેવીયો છક થઇ ગઇ. આ કાળા માથાનો માનવી અંધારી ભયથી ભરેલી રાત્રિએ એ અત્રે આવ્યો કેવી રીતે હશે? એણે જાણ્યુ શી રીતે ? અને એનામા પૂછવાની હિમત આવી કર્યાથી ?

દેવીઓના દિલમા કાઇક કરુણા પ્રસરી તે બોલી પુત્ર ! તારી હિમત, નિડરતા, શૌર્યતા, નિહાળી અમો તને ધન્યવાદ આપીએ છીએ તારા રાજાજીનુ મૃત્યુ અટકાવવાનો એકજ ઉપાય છે અને તે એ કે "તેના જેટલાજ ઉંચા કુલનો કોઇ વીર પોતાની રાજી ખુશીથી તેનુ મસ્તક આપે તો બાર વર્ષનુ રાજાજીનુ આયુષ્ય વધે ! ઉપાય કઠણ છે. અમલમા મુકાય એમ નથી. માટે જા પાછો જા"

વીરનુ વદન પ્રફુલ્લિત બન્યુ તે આનદથી બોલ્યો દેવી ! રાજાજીનુ મૃત્યુ અટકાવવુ મારા હાથમા છે. જુઓ હું

પરમાર વંશનો છુ. મારૂ મસ્તક હુ રાજીખુશીથી આપુ તો ચાલશે ને ? આપ થોભો હુ મારી પત્નિની રજા લઇ હમણા આવુ ”

દેવીઓ ખડખડ હસી પડી બોલી ભલા ભાઈ ! પત્નિ તે મરવાની રજા આપે ?” “હા હા મારી પત્નિ અબળા નથી. તે તો વીર ક્ષત્રાણિ છે” આમ કહેતો તે ત્વરિત ગતિથી ચાલ્યો ગયો.

દેવીઓ તો આશ્ચર્ય પામી તેને જગદેવની એકનિષ્ટ રાજયભક્તિની અજાયબી લાગી તેમા વળી તેની બહાદુર પત્નિની પ્રશસા સાભળીને તો તેઓ દિગજ થઇ ગઇ

પ્રકરણ ૧૪ મું.

અદ્‌ભુત બલિદાન.

નશીબની શી બલિહારી ! રહેવાને ઘર અને ખાવાને અન્ન વિના જે ટળવળી ટળવળી દિવસો ગુજારતો હતો, એ દુખ ક્રૂર પ્રમાણુ પકડતુ ત્યારે કેટલીઓ વેળા જે માતાને ખોળે માથુ નાંખી પોતાની આખોમાના ઉષ્ણ નીર વડે માતાનો ખોળો ભીંજવતા, તે દુખી અને દરિદ્રી પુત્ર આજે નૃપમંડન સિધ્ધરાજનો પ્રણુયી બન્યો છે. પૈસાની આજે એને પરવા

નથી સુખભોગની આજે એને તૃષ્ણા નથી એ વીર જે ગુણોથી આ સ્થિતિને પામ્યો તેજ ગુણો—મહત્વાકાક્ષા, નિડરતા, ધીરતા, શૌર્યતા, પ્રમાણિકતા, કર્તવ્યપરાયણતા વગેરે હજી શેષ મણી પ્રભા સમ ઝળકી રહ્યા હતા આ ગુણોને લઇનેજ એ રાજાને મૃત્યુના મુખમાથી અભય બનાવી પોતે મૃત્યુશય્યાએ પોઢવા ઉલ્લાસથી કુદે છે અહા! કેટલી બધી કર્તવ્યપરાયણતા! એજ સાચા સેવકનો ધર્મ

પાતિવૃત્યના અલૌકિક સકટપારાયણ વૃતથી પવિત્ર બનેલી પ્રભાવોત્પાદક વીર રમણી વીરમતી, રાત્રિ પડી છતા પતિનુ આગમન ન થવાથી કાઇક બેચેન દેખાઇ છે. આજે એને ત્યા બે બાલમુકુદો ગેલ કરી રહ્યા છે જગદેવ બે બહાદુર પુત્રોનો પિતા થયો છે પુત્રોને ખાવાનુ કહેતા પતિવિયોગે ઉદ્‌ભવેલી માતુશ્રીની વિહવળતા એ કોમળાગી બાલકો કળી ગયા હોય તેમ બધાએ સાથેજ વાળુ કરવાનુ કહી, માતાની પતિનિષ્ઠ, વાત્સલ્ય પરિપૂર્ણ ગોદમા લપાવા—છુપાવા—ગેલ કરવા લાગ્યા વીરમતીના મુખ ઉપર આનદનો કાઇક આવિર્ભાવ થયો.

રાત્રિના બે વાગ્યા. હજી જગદેવ નહિ. એટલામા તો તે દોડતી ગતિએ હાફતો ને હાફતો આવતો જણાયો પતિભક્ત પત્નિ તેની સેવા સુશ્રુષામા રોકાઇ. પતિપૂજા થઇ રહ્યા પછી તુરતજ વીરે “ દેવી! આજનો દિવસ અહોભાગ્ય છે! ” આમ ઉલ્લાસભેર કહેતા સર્વ બીના જણાવી પ્રથમ તો વીરમતી ચોકી રાજ્યપતિને બચાવવા પોતાનો પતિ યમનો ગ્રાસ થાય છે એ બીના તેને દુ ખકારક લાગી તેનુ વદન ઝાખુ થઇ ગયુ. નયનમા ગરીબાઇ પ્રસરી કાઇક નારાજ પણ જણાઈ જગદેવ તો પોતાનુ કથન આગળ ધપાવ્યેજ જતો હતો.

જ્યારે "એક ભોગથી રાજાજીને બારવર્ષનુ નવજીવન મળશે" એ હકીકત આવી ત્યારે કોઈક વિચારથી દેવીના મુખમંડળ ઉપર અનદની છાયા પ્રસરી જગદેવે છેવટે રજા માગી ત્યારે તે ધીર અને ગભીર સ્વરથી બોલી

"પતિદેવ! એક ભોગથી રાજાજીને બાર વર્ષનુ નવજીવન મળે તો હુ આપશ્રીની અર્ધાગના હોઇ આપના કાર્યને મદદ કરી આપણા મહારાજાને ચોવીશ વર્ષનુ નવજીવન અપાવી આપણ ઉભયની જીદગી ઉત્કૃષ્ટ કરીએ એ શુ ઉચિત નથી?

વાચક બધુ! મળશે આખી પૃથ્વી પર્યટન કરશુ તો પણ નીકળશે કોઈ આવી અર્ધાગના' જગદેવ પ્રસન્ન થયો પરતુ બાલકને જોતાજ તેની ઉત્સુક આખો નરમ બની ગઇ ઓહો! આ શુ? આહ, દસ વષના બાલકુસુઓ પણ ઉકત વીરલ ત્યાગી વીરોનાજ કને? સિહના બચ્ચા શિયાળવા કશે સાભળ્યા છે? મોટો પુત્ર જગધવલ બોલી ઉઠ્યો "પિતાજી આપણા 'બાપુ'ને માટે અમારો પણ ભોગ ના આપો? આપની સાથે અમો પણ આવીશુ એથી 'બાપુ'ને અડતાળીશ વર્ષ નવા મળશે' લઘુપુત્ર બીજધવલે પણ એ વાતને સમતિ આપી અહા! કેવુ ત્યાગી અને બલિદાનોની ઉત્કૃષ્ટ ભાવનાથી ભરેલુ કુટુબ! અમર તપો એવા કુટુબોની કીર્તિ! અને અમર તપો એ વીરશ્રીઓના જ્વલત ઉદાહરણો!

જગદેવનુ અંતકરણ ઉલ્લાસના આવરણથી ઘેલુ બની ગયુ. જલદી જવાનુ હતુ એટલે શીઘ્ર તેઓ પ્રયાણ કરી ગયા. ઇષ્ટ દેવીઓ તો જગદેવની મહત્વાકાક્ષાને ઘેલી ગણી-આવવાની આશા મૂકી-પુન ગરબે લાગી હતી. એવામા આ

ટોળાને આવતું જોઇને તેઓ ચકિત થયા ચારેની મુખાકૃતિ ઉપર પ્રસન્નતા દેવી પ્રસન્ન થઈ રહી હતી આ જોઇને દેવીઓ તો દિગજ થઈ ગઇ 'મરવાને માટે આટલો ઉત્સાહ' એ વિચારો એમને કોતરી રહ્યા આખરે ચારે જણ પાસે આવી એમને પગે પડયા ત્યારે એક દેવી બોલી. "આ તારી સ્ત્રી કે? અમારી ધારણાનો તો તે સમુળગો નાશ કર્યો તારી મનોકામનાને અમો હસી કાઢતા હતા પરતુ આ પ્રત્યક્ષ દર્શન કરીને ખરેખર અમો આશ્ચર્યના ઉડા ખાડામા ગરકાઉ થઇ તને અને તારી આ સ્ત્રીને ધન્યવાદ દઇએ છીએ પરતુ સાથે આ કુસુમની કળીસમ કોમળ સોહામણા અને રૂપાળા પુત્રો કોના છે? અને એનુ આવવાનુ પ્રયોજન શુ છે? આવી જનશૂન્ય સ્મશાન ભુમિમા આવતા એના નાજુક હૈયા હાલતા નથી?

જગદેવ જવાબ આપે તે પહેલાજ મોટો પુત્ર જગધવલ બોલી ઉઠયો "દેવી' અમો ઉભય એ મહાત્યાગીઓના પુત્રોજ છીએ અમારૂ પણ અહોભાગ્ય કે અમારા 'બાપુ'ને માટે અમો પણ અમારો પ્રાણ પાથરી આજે કૃતાર્થ થઈએ છીએ।"

દેવીઓને કુતુહલ લાગ્યુ એકદેવી બોલી, "જગદેવ ! શુ આ બીના સત્ય સાભળીએ છીએ અમે તો તારી કબુલાત આપેલી. તો પણ વળી આ તારી સ્ત્રીની મુખમુદ્રા તો મૃત્યના ભયથી હમણા નિસ્તેજ થતી જણાય છે" બધાની દ્રષ્ટિ વીરમતી ઉપર પડી તો આશ્ચર્ય તેની આખમા મધુરા મધુરા પાણી ભરાયલા હતા જગદેવે તેના તરફ જોયુ ઉભય દપતિ–યુગલની દ્રષ્ટે દ્રષ્ટ મળી વીરમતીની દ્રષ્ટિ નરમ અને શોકાતુર હતી. જગદેવની દ્રષ્ટિ ઉગ્ર અને ઉલ્લાસમય

તેમજ કાંઈક આશ્ચર્યતા પ્રદર્શિત કરનારી હતી "પોતાના પુત્રોનુ મૃત્યુ" આ વિચારે તને એજ ક્ષણે કાંઈક ક્ષોભ ઉત્પન્ન થયો હતો માતા તરીકેના અમોઘ પ્રેમને લઇ એને કાંઈક લાગી આવ્યુ હતુ પણ પતિ દર્શને તે સચેત થઇ અને પોતાના કલંકિત કૃત્ય માટે પોતાને ધિક્કારવા લાગી. તે સપ્રાળી જાગૃત થઇ અને ખપ્પરદેવીએ ખપ્પર ના ભર્યું હોય એમ જ્વલંત મુખાકૃતિથી પરિપૂર્ણ બની બોલી " માતાઓ અમો તો તારા સંતાનો અમારી આબરૂ ગએ તારી કૂખને કલંક લાગશે અમો ચારે અમારા મહારાજાના આયુષ્યને માટે મરી ફીટવાને તૈયાર છીએ ચાલ ઉતાવળ કર અમો ચારે સાથે ક્યારે સ્વર્ગમા જઇએ અને રાજાજીને અડતાળીશ વર્ષની નવીન જીંદગી ક્યારે મળે એ જોવા અતિ ઉત્સુક છીએ ચાલો ઉતાવળ કરો અને બલિદાન લઇ અમને મુકિત આપો "

દેવીઓ બોલી "ચારે સાથે નહિ એક પછી એક આવો જગદેવ ! પ્રથમ તારા પુત્રોનુ પછી તારી સ્ત્રીનુ અને પછી તારી જાતનુ અમને તારા હાથેજ તારે બલિદાન આપવાનુ છે." અહાહા ! કેટલી નિષ્ઠુરતા ! પોતાના વ્હાલસોયા બાળકો ઉપર અને પોતાની પ્રેમ મૂર્તિ વ્હાલી સ્ત્રી ઉપર હાથ ઉગામતા પહેલા તે હાથ બળી ભસ્મ કેમ નથી થતો ! આમ તુરતજ જગદેવને લાગ્યુ તે ખચાયો.

એટલામા નાના પુત્રને ઉછંગે લઇ વીરમતી નિસ્તેજ–નિષ્પ્રાણસમ ઉભેલા પતિદેવ પાસે આવી અને બોલી "સાચા વીરશ્રીને આ દ્રશ્ય કાળી ટીલીરૂપ છે અચળ સત્યપ્રિય હરિશ્ચંદ્રે આવાજ પ્રસંગે શુ કીધેલુ તે ચિતાર આપના હૃદયમા આપે ખડો કરવો જોઇએ તે અણીના વખતે હરિશ્ચંદ્રે આ

મારી સ્ત્રી! હુ એને કેમ મારી શકુ ? આવી કાયર શકાથી ચલિત થઈ સ્ત્રીને મારવા ના પાડી હોત તો તેના સ્મરણો આજે અમર છે તે રહેત કે? દેવો સ્વર્ગેથી આવી તેમને ભેટત કે? સાક્ષાત દીનાનાથના અણમોલા દર્શન તેને થયા હોત કે? જાગૃત થાવ ને લ્યો આ પુત્ર”

અહા! પણ આ શુ ? આ બીના દરેક માનવીને ચોકાવનારી અને હૃદયમા કાયમને માટે સ્થાન રાખવા લાયક છે એવી એ અદ્ભૂત કઇ બીના છે? જુઓ જુઓ પોતાના પતિને વીરમતી બીજધવલને આપવા ગઇ કે તુરત દૂર હતો ત્યાથી જગધવલ દોડી આવ્યો અને કરગરી પડયો ‘માતા! આ શુ ? હુ મોટો પુત્ર હોય દરેક કર્તવ્યમા મારે બીજના કરતા આગળ પડવુ જ જોઇએ તો આ કુરબાનીનો પ્રસગ તો ક્ષત્રિયને માટે ધન્ય, ધન્ય છે તો એવા અમોલા પ્રસગે હુ પાછળ પડુ એ તો તારી કૂખ લાજ્યા બરાબર છે અમારા ગુરુજી તો અમને શીખવે છે કે “માતાની કૂખ લજાવનાર કપુત ગણાય છે તેને માટે સ્વર્ગલોકમા તો જગ્યાજ નથી પરતુ આ મૃત્યુલોકમાના વ્યર્થ સુખભોગો પણ નથી તે રૈ રૈ નર્કનોજ અધિકારી છે એટલે બીજને મૂકી દઇ પ્રથમ મારૂ બલિદાન અપાવો કે મારી જલદી મુક્તિ થાય” અહા! કેટલી કર્તવ્યપરાયણતા! મરવાને માટે પણ આટલી તકરાર! શાબાશ! શાબાશ! વીર જગધવલ તે જગતને આવુ ધાવલ આપી કૃતકૃત્ય કીધુ છે. તારા નામ પ્રમાણેજ ગુણો રાખી તે તારૂ નામ અમર કીધુ છે! તારૂ એ ધાવલ જગત પીશે તો અચૂક તેનો ઉદ્ધાર પાસેજ છે

વીરમતીએ નાના પુત્રને મૂકી મોટા પુત્રને લીધો. અને કહ્યુ “જા, બેટા અમર થા!” માતાપિતાની આખમા મધુરા

મધુરા પ્રેમાળ અશ્રુએ દર્શન દીધા જગદેવે તલવાર ઉગામી એક ઘા ને બે કટકા પોતાનો પુત્ર પોતાની આગળ શબ થઈ પડયો લોહીની નીક વહેવા લાગી આ દ્રશ્ય સાચા વીરને પણ ડગાવ્યા વિના રહેતુ નથી પણ આ વીર દંપતિ-યુગલે તો હૃદ વાળી એની મુખાકૃતિ ઉપર અજબ તેજ પ્રકાશ્યુ જાણે મૃત પુત્રનો આત્મા એ દંપતના આત્માઓ સાથે ભળી ન ગયો હોય ! તેજ વધ્યુ જોઇ દેવીઓ પણ દિગ થઈ કસોટી જોવા થોડીવાર તે થોભી એટલામા તો તે વીર દંપતિ-યુગલે બીજા પુત્રના બલિદાનની તૈયારી કરવા માંડી

છૂપા વેશે જગદેવની પાછળ નીકળેલો સિદ્ધરાજ લપાઈ ને એકી ત્રટે જોઇ રહ્યો. વીરમતી પુન બીજા પુત્રને આગળ ધરે છે. આ જોઈ દેવીઓ દિગ થઇ પ્રસન્નતાથી બીજા સોગોનો અટકાવ કરવા લાગી.

ત્યા તો ભયકર ઘોષ સભળાયો "ખબરદાર !" વીરમતી-એ બીજા પુત્રને ધરતા દેવીએ ના કહેવા જવુ અને આ ઘોષણાનુ પ્રકટ થવુ એક સાથેજ બન્યુ હતુ સર્વ દિગ-મૂઢ બની ગયા. વિચારમા પડયા અત્યારે રાત્રે બે વાગે આ ભયકર કારાગરથીએ બીહામણા સ્મશાનમા કયા માનવીનો આજ્ઞાપૂર્ણ અવાજ ?

પ્રકરણ ૧૫ મું

આત્માર્પણની પ્રભુતા !

નવજીવનનુ હુપૂ આપી રહેલુ દિનદિન ખીલતા જતા ચદ્રના જેવુ તેજસ્વી વ્હાલસોયુ બાળક, એ સસાર સુખ, એ મૃત્યુલોકના પ્રાસાદો, એ લખલૂટ વૈભવ, સત્તાને તાતણે જગત આખાને જકડવાની સમૃધ્ધિ–મનુષ્ય જે એ અસાધ્ય સમ્પત્તિને માટે આખા જીવનને કહાડી નાખે, જેની કલ્પના તેને હર્ષે ઘેલા બનાવે એ તમામ સમૃધ્ધિઓ–વગેરે એ વીરલ દપતિ–યુગલે ઇષ્ટદેવીને ચરણે ધરી દીધા ઇષ્ટદેવીઓ કાઇક મૂઝાવા લાગી. તેઓ આ તપસ્વી સામે ટગર ટગર જોઇ રહી

અતે એ બોધીસત્ત્વનો વિજય થયો ઇષ્ટદેવીઓનુ એ માનવ સ્વરૂપ પલટાયુ, વીરમતી જેવી રમણીના ઉત્કૃષ્ટ બલિદાનો જોઇ તેને સારીએ સૃષ્ટિ ઇષ્ટદેવી દેખાઇ અરે ! વીરમતી આગળ આપણી શકિતની શી ગુજાસ ! આવા તેમને વિચાર ઉદ્‌ભવ્યા સારાએ મનુષ્યો પેલા ગભરૂ બાલ સ્વરૂપે દેખાયા દેવીઓના રોમાચ ખડા થયા જીવન ચકડોળે ચઢયુ. દિલ ડુભાવા લાગ્યુ એ પ્રેમમયી મૂર્તિને કા ન ભેટુ ! એ ઇશ્વરે નિર્મેલાપ્રસાદનો ઉપભોગ કા ન કરૂ ? અતરમા ધ્વનિ ઉઠયો સત્ય શુ ? “ ચક્રવર્તિ પદ કે આત્માર્પણ ? ” “ આત્માર્પણજ ! ”

દેવીઓ શરમાઇ, મરેલા બાળકને ચેતન કરી એ આદર્શ કુટુ મને અ તરથી આશિષ દેવા લાગી

એટલામા પાછળથી પ્રતિધ્વનિરૂપ અવાજ થયો "અમર તપો! અમર તપો! ઓ જીવનદાતાઓ અમર તપો! તમે આજે નિર્બળતાનો પરાજય કરી આત્માર્પણુમાજ આ મૃત્યુલોકનુજ નહિ પરતુ ત્રિલોકનુ સાર્વભૌમ્ય દેખાડયુ. મારની જાળો તોડી–પ્રલોભનના ભૂતડા અદ્રશ્ય કીધા તમારી આ કુરબાનીથી જગતમા ઐશ્વર્યના પૂર રેલાયા ભારતના મહર્ષિઓ–દીનોના દાસ રાજર્ષિઓ, આજે તમોજ છો આવો, આવો, ઓ ત્યાગીઓ આવો, અને મારા જેવા એક દીન મનુષ્યને ભેટી કૃતકૃત્ય કરો " સર્વ એકી ત્રટે આવનાર અવાજ અને વ્યકિત તરફ જોઇજ રહ્યા વ્યકિત સમિપ આવી "ઓ મારા રાજા" કરતો જગદેવ કૂદયો અને આવનારના ચરણુ-વિંન્દમા લોટી પડયો સિધ્ધરાજે તેને ઉભો કીધો અને શબ્દા-તીત પ્રશસા કીધી

વીરમતીની સ્તુતિ કરતા તો તેને ભૂતકાળની આખી તવારીખ યાદ આવી રાજ્યક્રાન્તિના પ્રચલિત અને છૂપા એકે એક પૃષ્ટ એણે ઉથલાવી નાખ્યા પણ આ વીર રમણી જેવી એક પણ મહારાણી–રાણી કે દાસી બલિદાનથી પરિપૂર્ણ જગતની અધિષ્ઠાત્રિ સ્વરૂપે શોધી નહિ જડી તે નહિજ. તે પ્રેમભીનો બની ગયો અને જેટલા અપાય એટલા ધન્યવાદ એણે થોડી મુદ્દતમા વીરમતીને આપ્યા પેલા ગભરૂ બાળકો તરફ નજર જતા તો તે જગદેવનો હાથ તરછોડી દોડયો અને ઉભયને ઉભય ઉછગે લઈ એક પછી એકને પ્રેમાલિગનો આપી છાતી સરસા ચાપી લાડથી અતિ પ્રશસા કરતો ત્યા નાટક કરવા લાગ્યો પોતાના અધિકારપણાનુ ભાન

પણ એ ભૂલી ગયો એનું જવલંત સ્વાભિમાન કયાંએ લુપ્ત થઈ ગયું એ એક દીન ખેડુતની માફક એ સ્વમાનમાં બાળ-કોને ઉછરંગે ઉછાળતો નાચવા કુદવા લાગ્યો અહા ! વીરના બલિદાનો તો વીરોજ સમજે ! કુસુમકળી સમ સોહામણાં એ બાલકોની આ અદ્દભુત કુરબાનીએ તે કેમ ના નચાવી શકે?

સિધ્ધરાજ પછી દેવીઓ પાસે આવ્યો પેલા મૃત પુત્રને જીવતદાન આપી ચાહે તો પોતાના પ્રાણ લેવાની પ્રાર્થના કીધી. આ દ્રશ્ય વીરમતી અને જગદેવ નિહાળી ના શકયા. તે દીન મુખે, કરમાયેલી આંખે, નમ્ર હૃદયથી, કંપતા કંપતા રાજાજીને કરગરવા લાગ્યા "રાજાજી ! આપ છો તો અમારી આ જનતાનું સૌભાગ્ય અખંડ છે આપના જવાથી પૃથ્વી રડાશે આપનું રાજ્ય, આપની રૈયત અને અમો ગરીબ સેવક ઉપર કૃતઘ્નતા વાપરી આપ આ ક્રૂર કૃત્ય કરવું મૂકી દો અમારા સ્વર્ગના અવરોધી આપ ના બનો

અહા ! પ્રભો ! પ્રભો ! ધિક્કાર હજો એ રાજ્યને અને ધિક્કાર હજો એ પિતાને કે જેના આવા સર્વગુણસમ્પન્ન નર-કેશરી પુત્ર-જગદેવને રાજ્યમાંથી નીકળી જવું પડે અને પોતાની માતૃભૂમિનો ઉદ્ધાર કરવાની આશા ચૂર્ણ કરવી પડે

સિદ્ધરાજ અને જગદેવ વચ્ચે કેટલોક સમય વાક્યુધ્ધ થયું છેવટે સિધ્ધરાજે આજ્ઞાથી કહ્યું "હું તને હુકમ કરૂં છું કે મારા રસ્તા વચ્ચે આડા આવવાની તારે જરૂર નથી મારો ધર્મ મને પાળવા દે કયો એવો અધમ રાજા હશે કે જે પોતાની આંખ આગળ આવા ગોઝારા કૃત્ય થવા દેશે ?" આ વાકયે જગદેવને ઠંડો બનાવ્યો તે દીનમુખે દેવીઓ તરફ જોઈ રહ્યો વીરમતી પોતાના રાજાજીના જીવન માટે અંબામાતાનું સ્મરણ કરવા લાગી.

અહા! શી બલિહારી! ભક્તની વ્હારે ભૂધર કેમ ના ધાય! જાણે વીરમતીની એ અરજી માતાએ સાંભળી ના હોય તેમ દેવીઓ પોતાનો ક્રૂર સ્વભાવ છોડી દઈ ઘટડીના જેવા તીણા નાદથી બોલી "પુત્ર જગદેવ' તારે નિરાશ થવાનું પ્રયોજન નથી તારી કીર્તિ અમર છે. તારા અને તારા જ્વલત સ્ત્રીપુત્રના જ્વલત ત્યાગી બલિદાનોની ભાવનાથી અમો સતુષ્ઠ થયા છીએ હવે અમારે ભોગોની જરૂર નથી બિના ભોગે તારી આ આત્માર્પણની પ્રભુતાથી તારા રાજાજીને અમો અડતાળીશ વર્ષનુ નવજીવન આપીએ છીએ. જાઓ અને આ સ્વાર્થી જગતને તમારા ઉદાહરણો બતાવી તેમની આંખો ખોલો"

દેવીઓ અદ્રશ્ય થઈ જગદેવ પાછળ જુએ છે તો પોતાનો મોટો પુત્ર જગધવલ ખરેખર જગતની ધવલતારૂપ, સ્વર્ગમા જઈ આવી પુન પોતાના ચરણાવિન્દમા લોટતો એણે નિહાળ્યો વીરમતીનો પ્રેમ દાબ્યો દાબી ના શકાયો તે દોડી અને પોતાના પુત્રને દેવીઓ જીવતો કરી ગઈ એ દ્રશ્ય જોઈ અતિ આનદના ઉલ્લાસમા પુત્રને આલિગન દેતી આખમાથી પ્રેમાશ્રુ વહેવરાવવા લાગી

સર્વેએ નગર તરફ પ્રયાણ કર્યું રાજાએ મહામડલ ભર્યું. નગર જનોને પણ આવવાની છુટ મુકી સભાસ્થાને સભા સમયે મેદનીની ઠઠ્ઠ જામી. સભાનુ મહત્વ અર્ધું અર્ધું રાજ્યમા પહોચ્યુ હતુ, વિશેષ નહિ તો પેલા નવા આવેલા રાજપૂતે પોતાના સ્ત્રીપુત્ર સાથે રાજાજીને મૃત્યુમાથી બચાવ્યા આટલી બીના તો ગામે ગામ પ્રસરી વળી આવા કુટુબના દર્શનાર્થે મનુષ્યોનો અસ્ખલિત પ્રવાહ વહેવા લાગ્યો. સભાનો વખત થતા રાજાજી સાથે આ વી કુટુબ આવ્યું.

હરેક સભાજનોએ મોટી મોટી ગર્જના, પુષ્પવૃષ્ટિ વગેરેથી એમને વધાવી લીધા પુષ્પ અને જયનાદના માનથીએ એમના હૃદયના આનંદથી તો એમને એઓએ આણાદજ વધાવ્યા ગણાય સર્વ બીના અથઇતિ રાજાજીએ પોતાની વકતૃત્વ શકિતથી વર્ણવી. સભાજનોના ભવા ઉચા ચઢી ગયા સવ જગદેવને, વીરમતીને અને બન્ને પુત્રોને ધન્યવાદ આપવા લાગ્યા સિદ્ધરાજે કેટલીએ ભેટ આપી

પેલા જગદેવની ઈર્ષા કરી રાત્રે રોવા ગાવાનુ કારણ શોધવા જવાનુ કહી આરામ લેતા થએલા નોકરોને રાજાજીએ ભારે શિક્ષા કરી જગદેવનાના કહેવાથી તેમની શિક્ષા ઓછી થઈ પણ નગરમાથી તો તેમને જવુજ પડયુ

અહા ! કેવો આદર્શ પ્રેમ ! જેઓ એની ઉપર અદેખાઇ કરે તેમની ઉપર પણ જગદેવ તો વ્હાલજ રાખે ઈર્ષા, એના શરીરમા સ્હેજે સ્થાન કરવા પામીજ નો’તી ધન્ય હો ! ધન્ય હો ! એવા ત્યાગી વીરને ! અને અમર રાખો પ્રભો એવી આત્માર્પણની પ્રભુતાને !

પ્રકરણ ૧૬ મું.

—»»»«««—

કુલાંગારો કેદમાં

—»»««—

ભારતમાતાને કમરપટે લટકતી શમશેરરૂપ ધારાની જનતા આજે ચોગમ—ચોમુખે ત્રાહ્ય ત્રાહ્ય પોકારે છે " સૃષ્ટિ જુના અનાદિ અને અનત વૈદિક ધર્મના ઓ મુમુક્ષુ ધુરંધરો ! જગત્પિતાના એકજ બાલકોના પ્રેમ ખેલનના પદ કવિતોથી અલખ નાદ ગજવનાગ સત મહતોના ઓ ભકત જનો ! સમાજ અને સસ્કૃતિની સુધારણા માટે જીવનને પલોટી નાખનારા ઓ વીરલ ત્યાગી ગુણીજનો ! તમે આજે કયા ગયા ! આપણી જનનીની સસ્કૃતિ ઉપર આજે મજબૂત લોઢાના છીણા ઠોકાય છે ! આપણી એ સનાતન વિદ્યા ઉપર અવિદ્યાના અધાર પિછોડા છવાય છે, ભોજ જેવા ધર્મ વિશારદ અને વિક્રમ જેવા પરમાર્થી પુત્રોને જન્મ આપનારી આપણી માતા આજે ચોધાર અશ્રુ વહેવરાવી નયનોમાંનુ તેજ સ્ખલન કરી રહી છે વિક્રમ જેવો એક પુત્ર એણે આપણને સોપ્યો પણ તે આપણા દુર્ભાગ્યે દૂર જઈ બેઠો છે, અરે ! આપણે એ વીરને વિદાય કીધો છે જાગો ! ઉઠો ! અને આપણી માતાનો એ આર્તનાદ ઝીલો ! '

ધારાનગરીના બેકદર, સ્ત્રી લપટ રાજા ઉદયાદિત્યે આજે ધારાની આ સ્થિતિ કીધી છે કમળા જેવી કુલાગાર પાપિણીનો રાજ્યમા સર્વત્ર અમલ પ્રસરે છે. રાજ્ય દરબારમા

પણ અગ્ર સ્થાન કમળાનુજ છે એણે અમુક હુકમ કાઢયો તો પછી કોઇ એવો મુછાળો નર નહિ નિકળશે કે એ સ્ત્રીના હુકમનો અમલ કરવા ચોકખી ના પાડે બધો અમલદાર વગ અને પ્રજા વગ તો ખાસ આ સ્ત્રીના વ્યવસાયથી કટાળ્યો હતો પાછળથી એને ગાળો પણ ભાડતા કોઇક વખત અમુક જુવાનીઆઓ એકઠા થઈ કાંઈક કરી બતાવવા બાહીં ચઢાવતા પણ એની એ મર્દાન્ગી એટલામાજ પૂર્ણ થતી એક સ્ત્રીથી આજે સર્વ ડરતા હતા કારણ? કારણ બીજુ શુ હોય રાણીની સાથે ભોગ વિલાસમા પડેલા એ કામાધ નરેશને કમળા રમકડાની માફક રમાડી શકતી હતી સ્ત્રીચારિત્ર્યના બળે કમળા આજે આ પદે પહોચી હતી દુષ્કર્મે થએલી ચડતી શુ વધુ દિન રહી શકે? નહિ. આખરે તો સત્યનોજ જય છે

કમળા ફાલીપુલીને આનદમા પોતાના દિવસો નિર્ગમન કરતી હતી એવામા એનો ભરાયલો પાપનો ઘડો ફાટવા તૈયાર થયો. કમળા હવે રાણીની દાસી રહી નથી ધારાના આખા રાજ્યની એ સ્વય મહિષિ બની હતી સર્વત્ર એનીજ આણ વર્તતી હતી. પોતાના સુખ વૈભવને ખાતર રાજાને રાણી સાથે ગોથી મુકવામાજ એ પોતાની સાર્થકતા સમજતી "રાજ્યની સર્વ બીના બીન મુશ્કેલીએ બનતી જાય છે, રાજ્યની આબાદી વધતી જાય છે, પ્રજા વર્ગ સારી રીતે કેળવાતો જાય છે અને એને માટે પ્રધાનજી મારફત મે અમુક અમુક કામો પણ તપાસ્યા છે." આવા તરકટો એ રાજા આગળ મુકતી અને એ અધ રાજાનો પ્રેમ સપાદન કરતી. પણ એ કયા સુધી ટકે?

કચ્છના રાજા લાખા ફુલાણીને બે પુત્રી હતી જેમાની મોટીના વિવાહ જગતનરેશ સિદ્ધરાજ સાથે થયા હતા અને રાજા નાનીની શોધમાં હતો એટલામા એક ભાટે રાજાજી આગળ

આપણા કથા નાયક વીરની ભવ્ય મૂર્તિ અને અવર્ણનીય કર્તવ્યનીપૂણતા ધર્યા રાજા ખુશ ખુશ થઇ ગયો અને વિ-વાહ માટે ધારાનગરી તરફ ખૂદ પોતાના પ્રધાનજીને તેણે મોકલ્યો

ધારામા પ્રવેશ કરતા એ પ્રધાનની દ્રષ્ટિને કુતુહલ ભાસ્યુ તેને બધુ વિચિત્ર વિચિત્ર દેખાવા લાગ્યુ તે રાજદર-બારે આવ્યો તો ચોકી ઉપર એકે ચોકીદાર નહિ. આ જોઇને તો તે ખૂબ વિચારમા પડયો એટલામા ચેવડો ખાવાનો ચટાકો થવાથી બજારે ગએલા નિરકુશ સિપાઇને ખબર મળવાથી તે દોડતી દોટે આવ્યો, અને નમસ્કાર કરી ઉભો.

"રાજાજીને મળવુ છે પ્રધાનજી કયા છે?" પ્રધાનજીના સત્તાવાહી અવાજ સાભળતા બેફીકર બનેલો એ સિપાહી સાવધાન થયો અને મહેલમા સમાચાર કહેવા ગયો. નવીન સમાચાર પ્રથમ કમળાનેજ કહેવાય એવો પ્રબધ રચાયો હતો. એટલે સિપાહીએ તેને જણાવ્યુ

કચ્છનો પ્રધાન સિપાહીના પ્રતિયુત્તરની રાહ જોતો બેઠો હતો મહેલમાથી કોઇ આવતુ જણાયુ પ્રધાને સિપાહીજ હશે એમ ધારી તે તરફ નજર કીધી તો પોતાના તરફ બીલ-કુલ શરમ વગરની વક્રદ્રષ્ટિથી જોતી તેણે એક સ્રીને આવતી નિહાળી રાજદરબારની એક સ્રી—પછી તે રાણી હોય કે દાસી તેને—આવી નિર્લજતા વાપરતા એણે આજેજ નિહાળી.

આવનાર કમળા નિડરતાથી બોલી: "શુ કામ છે? મનેજ જણાવો?" બેપરવાઇ ભરેલા જવાબે પ્રધાનનુ માથુ ભમ્યુ તે સાવધાન થયો. આખો ચઢાવી બોલ્યો "મારે રાજાજીને મળવુ છે મે પ્રધાનજીને બોલાવ્યા હતા. શુ આપ પ્રધાન

છો ?" હુ કચ્છના રાજા તરફથી તની પુત્રીનુ નાળીએર લઇ કુમાર જગદેવને આપવા આવ્યો છુ અને એ માટે રાજાજીને મળવુ છે તમે રાજાજીને આ સમાચાર કહો તો ઉપકાર ! આ રાજ્યની વ્યવસ્થા કાઇ મને નવીનજ લાગે છે ! "

" રાજાજી અનિવાર્ય કાર્યભારમા ગુચવાયા છે. તેમણે પોતે મને મોકલી છે જગદેવ તો કુચાલી અને લોભી પુત્ર નિકળવાથી રાજાજીએ તેને શિક્ષા કરી દેશનિકાલ કીધો છે, તે કયાએ રખડતો હશે પરતુ અમારા રાજાજીને એથી બીજો મોટો પુત્ર રણધવલ ઘણોજ રૂપવાન અને કાર્યનિપૂણ છે જો આપની ઇચ્છા એને નાળીએર આપવાની હોય તો હુ ચોકઠુ ગોઠવી આપુ અને તે બદલ તમારે મને એક લાખ રૂપિયા આપવા પડશે તેમ ના બને તો જાઓ જગદેવ કયાક ભટકતો હશે તેને શોધી લ્યો " તદ્દન તોછડાઇથી અને આવકાર વગર કમળાએ પોતાનુ હૃદય ઠાલવી નાખ્યુ

પ્રધાન સાવધાન થયો. રાજ્યનુ અધેર એની નજર આગળ તરી આવ્યુ તેની ભ્રકુટિ ઉચે ચઢી. તેનુ મગજ ફરવા લાગ્યુ એક રાજ્યનો પ્રધાન આવે તો તેને આવકારથી ઉતારો આપી, રાજ્ય દરબારની રીતે ખાનગી ઓરડામા યા દરબારમા માન સહિત તેની સાથે વાતો થાય તેને બદલે " લાખ રૂપિયા આપો અને નહિ બને તો જાઓ શોધી લ્યો. " આવા તોછડા અને તિરસ્કારણીય વચનો સાભળી પોતાનુ માન ભગ થવાથી તેણે કમરપટા ઉપર હાથ નાખ્યો એનો ક્રોધ એટલે હદે ગયો હતો કે જો કમળાની જગ્યાએ કોઇ પુરૂષ હોત તો એણે એજ ઘડીએ તેને યમદ્વાર વિદાય કીધો હોત પરતુ કમળાને જોઇ તે ડર્યો તેને "સ્ત્રી-હત્યા"ના ઘોઝારા પાપની બીક લાગી. તેણે કમરપટા ઉપરથી હાથ

પાછો એથી લીધો દાત પીસી તે ઉભો થયો કમળાને એની કશી પરવા નથી "મારી સામે સ્હેજ પણ બોલી શકવાની કોઈની તાકાત નથી તો મને બીજુ શુ કરવાના હતા" આ ઘમડાઈથી એ ગવશીલ બની હતી. એને ભાન નથી કે આ તારા બેકદર બનેલા રાજાના જેવો બાયલો પુરૂષ નથી આતો વીર જગદેવની જગધવલતા જે ગુણોથી ચોમેર પ્રસરી ગઇ છે તે ગુણોનો ગ્રાહુક કચ્છી વીર હતો

પ્રધાન દાત પીસી ઉભો થયો અને કમળાને પકડી કમળા બૂમ બરાડા મારવા જાય છે ત્યા તો પ્રધાને પોતાની તાતી તલવાર કાઢી મ્હો આગળ ધરી કમળા હેબતજ પામી ગઇ ગુસ્સામાં ને ગુસ્સામા પ્રધાનથી ગળુ વધુ દબાયાથી કમળા બેભાન થઇ ગઇ તુરતજ પ્રધાને તેને એક ઓરડામા નજરકેદ કરી એક માણસને સૈન્ય લઈ પધારવાનો સદેશો રાજાને લખી કચ્છ તરફ મોકલ્યો અને પોતે શહેર બહાર વિશ્રાતિ લેવા ચાલ્યો ગયો.

કમળાનો પાપનો ઘડો ફાટયો તે જાગૃત થઈ જુએ છે તો પોતાના સેવકો પોતાની ચોકી કરી રહેલા તેણે નિહાળ્યા. એક ચોકીદારે તેની સામે મીઠી કટાક્ષ ફેકી તે પોતાનુ દુર્ભાગ્ય નિહાળી આખ મીચી પડીજ રહી તેને પોતાના સેવકને હુકમ કરવાનુ, આ પીજરામાથી છૂટવાની કાઇક કપટ યુકિત રચવાનુ કે બૂમ મારવાનુ કશુએ ભાન ના રહ્યુ તેની સામે ક્રૂર ભૂતકાળ આવી ખડો થયો તેનુ મગજ ભમવા લાગ્યુ. એક પછી એક એકબીજાથી ચઢતા પોતે કરેલા કુકૃત્યનો તાદ્રશ્ય ચીતાર તેની બધ આખે દેખાવા લાગ્યો. તેનુ આખુ શરીર કપતુ હતુ. આવી રીતે પોતાને ધિક્કારતી વ્યાકુળ થતી કેટલોએ વખત કમળા પડીજ રહી એને કાઇક સાન આવ્યુ હોય અને તેમ ન હોય તો પોતાના પાપી

કૃત્યોનો કાંઇક પસ્તાવો થતો હોય એમ એની મુખાકૃતિ સચોટ પૂરાવો આપતી હતી

પ્રધાને મોકલેલો દૂત કચ્છ જઈ પહોચ્યો. રાજા લાખા ફુલાણીએ પોતાના અમાત્યનો સદેશો વાચ્યો તુરતજ તેણે સૈન્ય તૈયાર કરાવી ધારાનગરી તરફ કૂચ કીધી રાજ્યની બરબાદી કરનારા એ બાયલા રાજાના બેકદર કૃત્યો વાચી રાજા અતિ ક્રોધિત બન્યો હતો જગદેવ કે જેને એ પોતાની વ્હાલી પુત્રી આપી કૃતાર્થ થવા ઇચ્છતો હતો એવા વીરને જે રાજા દુરાચરણી લેખે અને તેને રાજ્યમાથી વિદાય થવુ પડે એ બીના તેને અસહ્ય થઈ પડી.

દળ ધારાની ભાગોળે આવ્યુ યુધ્ધના ડક્કા ગડગડયા. જાણે આભ અને પૃથ્વિ અત્યારેજ એક થઇ જવાના ! રાજાના કર્ણો એથી ભેદાયા તે ચોકયો, બીન્યો રગમહેલના એના સર્વ રમતરગો હવામા ઉડી ગયા તે સફાળો ઉભો થઈ ગયો મેડીએ ચઢી જુએ છે તો કચ્છી દળ દરવાજામા ઘૂસી ગયલુ જણાયુ તે આધળા જેવો બની ગયો એનુ છુપાયલુ—કટાઇ ગયેલુ ક્ષાત્ર-તેજ કાંઈક ઝળકયુ છતા સારી રીતે કાટ ઉતારી ઉપયોગમા લેવાને સમયની જરૂર જોઇતી હતી તે નહિ મળી તે નીચે ઉતર્યો. જુએ છે તો લાખાપુલાણી દરવાજો ખોલી અદર આવે છે.

રાજા ત્રાડી ઉઠયો કેટલાએ વાક્યુધ્ધ થયા. પછી ઉદયા-દિત્ય એક વીર ક્ષત્રિયની માફક એકલો રણે ચડયો તેની રંગમહેલમા રગમા લપટાએલી તલવાર કાંઈક ચળકી. કેટલાએ દુશ્મનને તેણે ઠાર કર્યા આ જોઇ ફુલાણી ચોકયો અને કૂદ્યો. થોડાજ સમયમા તેણે કામમા અધ બનેલા એ બેકદર રાજાને

કેદ કર્યો કેદ પકડાતાજ રાજાને સાન આવ્યુ કે ખરેખર! મારા રાજ્યની પાયમાલી મે હદ ઉપરાત કીધી છે. મારૂં રક્ષણ કરનાર આજે કોઇ નથી

પ્રકરણ ૧૭ મું.

વિદાય!

શીતળ ચદ્ર રજનીને પોતાની ધવલતાથી શોભાવી રહ્યા હતો ગગનસુદરી તારાટપકીવાળો સાળુ પહેરી આનદમગ્ન થએલી હતી ઉદ્યાનના વૃક્ષપલ્લવોની મદ મદ પવનની લ્હેરીઓ કઇક ચપળતાથી લ્હેરાતી હતી. કુસુમકુજોમાથી પસાર થતી એ લ્હેરીઓ પુષ્પોથી મધુરી સુવાસ ચોપાસ પ્રસરાવતી હતી. મનુષ્યો આખા દિવસનો શ્રમ નિવારવા આ મગલ સમયનો ઉપભોગ કરતા આરામ લેતા જણાતા હતા.

આ સમયે એટલે રાત્રિના લગભગ આઠ-દશ વાગ્યાના સુમારે એક નદનવન સમા બગીચામા ધીરસિંહ પોતાના શિષ્યો સાથે રામનામની ધૂન મચાવી રહ્યા હતો. એ બગીચો એની અને એના શિષ્યોની કાર્યદક્ષતાના પૂરાવારૂપ હતો. ઉદયાદિત્યના ઉધ્ધતપણાથી માતૃવિયોગી બનેલો એ વીર રાજ્ય કામમા સ્હેજ પણ માથુ ન મારવાની પ્રતિજ્ઞા લઇ આત્રે

આવી જગતપતિની મૂર્તિનો પૂજારી બન્યો હતો આજે એની ભક્તિ, સંયમ અને શાન્તી ઘણાજ કેળવાયા છે રાજાને કેદ કર્યા પછી વાઘેલી રાણી, કૂરસિંહ દાસી, સેવક વગેરે સર્વ જગદેવના પ્રતિસ્પર્ધીઓને પણ લાખાપુલાણીએ કેદ કીધા

લાખાપુલાણીએ નગરચર્ચામા ધીરસિંહની કથા સાભળી. તેણે તુરતજ પોતાના પ્રધાનજીને ધીરસિંહને અને જગદેવને રાજ્યમા લાવવા મોકલ્યો તેણે અત્રે આવી ધીરસિંહને સદેશો કહ્યો. પણ પ્રભુભક્ત એ વીર દેશભક્ત થવા હવે નો'તો ઇચ્છતો કારણ માતૃભક્તિ કરતા પ્રભુભક્તિ ઉત્કૃષ્ટ છે એમ નહિ પણ એને પોતાની પ્રતિજ્ઞા પાળવી હતી માટે પ્રધાનજીના ઘણાજ આગ્રહને વશ થઇ છેવટે એણે જગદેવના આવ્યા પછી થોડી મુદ્દત માટે આવવા જણાવ્યુ

પ્રધાને પાટણનો રસ્તો પકડયો. સિધ્ધપુરના રાજ્યનુ જગલ આવ્યુ કેટલાએ વર્ષ ઉપર એ અત્રેથી ગયો હતો તેના કરતા હાલમા બહુજ સુધારો થએલો એણે નીહાળ્યો પેલા બે રસ્તાના સગમ ઉપર એ આવી ચઢયો ટુકો છતા જે ભયકર રસ્તો હતો તેમા તો એણે અજબ પરિવર્તન થએલુ જોયુ પ્રથમ એ ગએલો ત્યારે એ ટુકો રસ્તો ઘણોજ ઝાખો અને વસ્તીહીન હતો. આજે એ રસ્તા ઉપર અસખ્ય માણસોનો પગરવ એણે જોયો. મુસાફરોને કારણ પુછતા જગદેવની અનેક ઘણી પ્રશસા એણે સાભળી

વીર દપતિ–યુગલની ચોદિશ ખ્યાતિ સાભળી રાજાજીની પુત્રી એનેજ આપવાનો એનો વિચાર દ્રઢ થયો. તે ટુકે રસ્તે પાટણ જલદી આવી પહોચ્યો.

સિદ્ધરાજના રાજ્યની ચિકિત્સા કરતો કરતો પ્રધાન માનભેર એક મહેલમા-રાજાના અમલદારોએ આપેલા ઉતારામા આવી ઉતર્યો નિત્યકર્મમાથી પરવારતા દરબારનો સમય થઇ ગયો દરબારેથી આમત્રણ આવ્યુ અને પ્રધાન એક રાજ્યદૂત તરીકેના માન સાથે દરબારમા આવી બીરાજ્યો મહારાજાએ આવવાનુ કારણ પુછતા પ્રધાને સર્વ બીના-પોતાની આકાક્ષા અને એકદર રાજ્યની ભૂત અને વર્તમાન સ્થિતિ-અથઇતિ જણાવી

જગદેવના મુખ ઉપર ઉલ્લાસતા વાસો કરવા આવી નહિ તે પહેલા ચાલી ગઈ તે ગભીર વદનથી પ્રધાનના તરફ ટીકી ટીકીને જોઈ રહ્યો એની પ્રશસાના ઉદ્ગારો પ્રધાને કાઢવા માડયા ત્યારે એણે નીચુ જોયુ એના મુખારવિન્દ ઉપરનુ ગાભીર્ય અદ્રશ્ય થયુ અને તેને બદલે શરમના શેરડાથી ગુલાબી ગાલો આચ્છાદિત થયા સર્વ બીના કહ્યા પછી પોતાની પોતાના રાજાજીની તેમજ સાગીએ પ્રજાની તીવ્ર ઈચ્છા-રણધવલને નહિ પરતુ જગદેવને ધારાના રાજ્યની વ્યવસ્થા સોપી કચ્છના રાજાની પુત્રીનુ નાળીએર સ્વીકારવાની-એણે દર્શાવી

મહારાજાએ જગદેવ તરફ જોયુ તો તે નીચુ જોઇ રહ્યો હતો સિદ્ધરાજે ઉભા થઇ અજબ છટાથી એક મધુરૂ ભાષણ કર્યુ તેમા જગદેવને પોતાની પ્રજાની ઇચ્છાથી વિરૂધ્ધ નહિ જતા તે રાજ્ય હાથમા લઇ તેની આબાદી કરવાની બીના આવતી હતી 'રાજ્ય હાથ પર લેવા જગદેવને ધારા જવુ' આ બીના આવતા રાજા ચોકયો જગદેવનો વિયોગ તેને દુખવા લાગ્યો. તેનો કઠ કાઈક રૂધાવા લાગ્યો અવાજમા દિલગીરીની છાયા સ્પષ્ટ જણાઇ આ કુતુહલ જોઇ જગદેવે ઉચુ જોયુ ખરેખર! રાજાની ધીર આખમા મધુરા મધુરા પાણી એણે જોયા.

છુટકોજ ન હોવાથી સજળ નયને સિદ્ધરાજે અને સર્વ અમલદારોએ જગદેવને, તેમજ રાણીઓએ અને દાસીઓએ વીરમતીને વિદાય દીધી. બન્ને પુત્રને એકવાર ઉછગે લઇ રાજાએ પ્રેમાલિગનો આપી આશિષ દીધા. જગદેવની વિદાયે પાટણ ઉપર ગ્લાનીનો પ્રભાવ પ્રસરી ગયો લોકોના જુથના જુથ પુષ્પો અને હારો લઇ સામે આવ્યા જગદેવ એ વધામણા ઝીલતો આગળ ચાલ્યો સર્વ શહેર બહાર આવ્યા જગદેવે પાછળ જોયુ તો હજારો સ્ત્રીપુરુષની ઠઠ્ઠ ઝામી છે તે ઉભો અને એક મોટા માચડા ઉપર ચઢી માયાળુ પટણી પ્રજાના છેલ્લા દર્શન કરવા લાગ્યો. ઘણો કાબુ રાખવા છતા એની આખમાથી અશ્રુની ધાર નીકળી ગઇ કાઇક સ્વસ્થ થઇ તેણે પટણી નરનારીઓને છેવટનો સદેશો આપી સર્વને નમસ્કાર કરી પુન સર્વ પ્રજા ઉપર તીક્ષ્ણ નજર ફેકી તે નીચે ઉતર્યો રાજાજીને પૂર ઉમળકાથી ભેટયો. બાદ અમૂલ્ય ભેટો અને કેટલુએ સૈન્ય લઇ વીર વિદાય થયો

ગયો ! ગયો ! માતૃભૂમિની અમરતા મેળવતા કસોટીએ ચઢવા આવેલો એ વીર કસોટીમાથી સમ્પૂર્ણ ગુણ મેળવી પોતાની મહત્વાકાક્ષા પૂર્ણ કરવા જન્મભૂમિ તરફ પ્રયાણ કરી ગયો !

કચ્છના પ્રધાનજી કુમાર જગદેવને અને ધીરસિહને બોલાવવા ગયા છે આ બીના ધારાનગરીમા પ્રસરતાજ સર્વ આનદ ઉત્સાહના પૂર વેગમા મહાલવા લાગ્યા શહેરમા વિધ-વિધ સ્વસ્તિકોથી પુર-સાથીઆઓથી આગણા દીપવા લાગ્યા સર્વના બારણે તોરણો અને આનદ પતાકાઓ ફરફરવા લાગી. નગરની રચના બેજ ઘડીમા ફેરવાઇ ગઇ

પાટણથી નીકળેલો સવ રસાલો ધીરસિહની ઝુપડીએ આવી પહોચ્યો દૂરથી ધીરસિહની સ્થિતિ જોતા પ્રથમ તો એની આખમા નીર તરી આવ્યા તે દૂરથીજ દોડયો અને સાધુના વેશમા ફરતા પોતાના માતૃસહાયક વ્હાલા વીરના ચરણાર્વિન્દમા લોટી પડયો ધીરસિહે તેને સ્વસ્થ કીધો અને આશિષ દીધા

જગદેવનુ લાવ–લશ્કર અને ધીરસિહ સાથેના બાવાઓનુ ઝુડ, એ સર્વ ધારા તરફ મસ્તાન સિહની માફક કુદતા, કીકીઆરી પાડતા, આન દ ઉત્સાહથી ધરતી ધ્રૂજાવતા માર્ગ કાપવા લાગ્યા આ તોફાન આવતુ જોઇ રાજ્યની પ્રજામા ખળભળાટ થવા લાગ્યો ફુલાણી પણ ફાટયો ફાટયો જોવા લાગ્યો કેટલુએ ર ગબેર ગી સૈન્ય જોઇ તેને ધાસ્તી લાગી ભાગળમા પેસી નહિ જાય એ બીકથી તે પોતાનુ સૈન્ય લઇ સામો યુદ્ધે ચઢયો. સૈન્ય સાથે આગળ વધે છે ત્યા તો પોતાના પ્રધાનજી સામે આવતા જણાયા પ્રધાનજીએ આગળ આવી સર્વ સમાચાર કહ્યા જગદેવનો ભારી ઠાઠ જોઇ સર્વ દિ ગ થયા શહેરમા પવનવેગે વાત પ્રસરી ગઇ પ્રજાની મેદનીની સ ખ્યા સ ખ્યાતીત બની. સવના મુખ ઉપર પ્રસન્નતા દેવી પ્રસન્ન થઇ સ્ફુરવા લાગી. એ દિવ્ય જોડલુ અતિ આદરમાનથી પ્રજાના આશિષો ઝીલતુ નગરમા દાખલ થયુ.

પ્રકરણ ૧૮ મું.

આદર્શ ઉદારતા.

આઘાતનો જેમ પ્રત્યાઘાત, અવાજનો જેમ પડઘો, આકૃતિની જેમ છાયા, તેમ કામાધનો પ્રતિકાર વિનાશ ધારાના રાજાની સાથે એના સર્વ અમલદારો પણ એનુ અનુકરણ કરવા લાગ્યા હતા ધારા સત્તાધિશોના એ કમાધપણાએ અનેક નાની નાની પ્રજાને પણ એ પાપાચરણનો નાશ કરવાની પ્રેરણા કરી પ્રજાત્ત્વના પરમાણુઓ કાઇક વિકસ્યા પરતુ આત્મબળનો કોઇ અદ્દભૂત જુસ્સાધારી વીર એઓને નહિ જડયો. જાલિમતાના ફાસીના માચડા તોડનાર, અભેદ્ય અસિઓ ચલાવનાર, પૃથ્વીને ભારે મારનાર દુરાત્માઓના ત્રાસનો વિનાશ કરનાર ધારામા એજ વીર હતા કમભાગ્યે એ પૈકીમાના એકને આ ક્ષણિક સસાર પણ તજવાની ફરજ પડી અને એકને રાજ્યમાથી વિદાય લઈ પરરાજ્યનો આશ્રય લેવો પડયો

જગતમા સમય સમય બળવાન છે કામાધોની હૃદયચક્ષુ આજે ખુલી ગઇ છે. તેઓ પોતાના પાપી કૃત્યોનો પ્રશ્ચાતાપ કરતા થઇ ગયા છે. રાજા ઉદયાદિત્ય, રાણી ઉદયમતિ અને દાસી કમળા, આજે કચ્છી સિપાહીઓના પહેરા નીચે કેદમા છે રાણી પોતાના ભૂત પ્રપચો યાદ કરી જેલમા પડી પડી હૃદય ચણચણાવે છે એને સમય બહુજ ભયકર લાગે છે. એની આખમા નરી

ગરીબાઈ પ્રસરી. આવીજ કે એથી કાંઇક વિશેષ કફોડી સ્થિતિ રાજા અને દાસીની પણ હતી

એ યુવાન અને બળવાન આકૃતિ ! ચદ્રસમ શિતળતા પરિપૂર્ણ વદન ! નિલવર્ણાં અને શાન્ત નયનો! જશશી ઉંચ અને અથાગ પરિશ્રમ ! બહારથી જુઓ તો કાંઈ નહિ પરતુ અંતરના ઉંડાણમા શૌર્ય સાથે વિવેકનો ભંડાર ! નમ્રતા એને શબ્દે શબ્દે ઝરે ! અરે ! એટલા ભાવિક કે ડગલે અને પગલે પોતાની ભૂલ શોધે અને હોય તો કબુલે ! ન એ પોતાની ભૂલ છૂપાવે કે ન એ નમતુ મૂકે !

પ્રપચમા જે સમજતો નથી બાળક સમ જેનુ નિખાલસ હૃદય છે એજ એ ધારાવાસી, જેણે ધારાની સારીએ જનતાને પ્રેમથી બાધી લીધી છે કર્મયોગની દીક્ષા આપી છે.

આજે સારીએ પ્રજાની એ પ્રાણપ્રતિમાના અતરના ઉડાણનો ઘટડી શો નાદ ધારાનગરીના એક ભવ્ય મકાનમા સભાજનો સાભળી રહ્યા છે. આજે એને ધારાના રાજ્યાભિષેકની વિધિઓ કરી રાજ્યાસન આપવામા આવે છે વડિલ બધુ રહે ને એ રાજ્યગાદી ભોગવે એ એ નિર્મળ હૃદયી આત્માને અણગમતુ લાગ્યુ તેણે એક વખત આખી પ્રજાના કર્ણની અદર એ ચીતાર ખડો કીધો પરતુ એના શબ્દો પ્રજાએ આ કાનેથી પેલે કાને કાઢી નાખ્યા. વડિલ બધુ રણધવલે પણ વિવેક વાપરી લઘુબધુને રાજ્ય લેવા સુચવ્યુ આખરે એને નિરૂપાય બની વિધિને આગળ વધવા દેવી પડી

આજના મેળાવડામા લાખાપુલાણી અને તેના મદદનીસો ઓર ઉત્સાહથી ભાગ ઉજવી રહ્યા છે

અહા ! પણ એટલામા તો પાણી વિના ટળવળતી ટિટુળીની માફક પુત્ર વિના ટળવળતી માતા ત્યા આવી પહોચી. એની

સાથે બે–ચાર કચ્છી અમલદારો છે સાથે રાજા લાખોપુલાણું પણ છે માતાને આવતી જોઇ જગદેવનુ હૈયુ હાલી ઉઠયુ પ્રૌઢ ઉમરની એની માતા આજે સો વર્ષના બુઢાપાની પણ છેલ્લી ઘડી કહાઢતી હોય એવી દેખાય છે

જગદેવ એકદમ કૂધો અને માતાની આગળ લોટી પડયો ઉષ્ણુ નીરથી માતાની પગની પાનીઓ ભીંજાય માતા–પુ ઉભયના અતરો અતિ આનદમય હતા છતા આખમાથે પ્રેમાશ્રુના બીંદુઓ ખરતા હતા

પેલા કામાધ ઉદયાદિત્યે એને લોહશૃખલામા જકડયા પછ એક ઉડા ભોયરામા કેદ કીધી હતી એ એટલો તો અધ હતો ફરી એની તપાસ કરવા પણ નહિ ગયો રાજ્યની કાર્યવાહક તે કમળા! એણે રાણીના અન્ન–જળ પણ બધ કીધા ભુખે અ તરસે રાણીએ ઝૂરી ઝૂરી કેટલાક દિવસ કાઢયા એનામા પા ફેરવવાની પણ તાકાત રહી નો'તી લાખાપુલાણીએ એ ભોય પ્રજાના કહેવાથી શોધ્યુ અને રાણીને પ્રથમ સચેત કર અન્ન–જળથી તૃપ્ત કીધી અને જ્યારે એનામા કાઇક સ્ફૂ આવી કે તેને અત્રે લઇ આવવામા આવી રાજ્યસિંહાસ પાછળના પડદામા જગદેવને વ્હાલથી ભેટી એ અદ્રશ થઇ ગઈ

રાજા ઉદયાદિત્ય, રાણી વાઘેલી, દાસી કમળા, ફૂરસિ અને તેના મદદનીસો આમ જેટલા રાજ્યની પાયમાલી કરવા અગ્રભાગ લેનારા રાજા લાખાપુલાણીની શોધમા આવ્યા તેટલા એણે આ દરબારમા એક બાજુ ઉભા રાખ્યા હતા રાજા–રાણ સિવાય દરેકને લોહશૃખલા લાદવામા આવી હતી.

વિધિ પૂર્ણ થતા જગતના દેવરૂપ એ જગદેવ મેઘ સમ ભયકર ગર્જના—જયનાદથી રાજ્યાસનને બીરાજ્યો આજથી એ ધારાનગરીનો રાજા ગણાયો એ પણ સમયની બલિહારીજ જેને દેશનિકાલ કરી નિકદન કાઢવાની પેલા કુલાગારો અભિલાષા રાખતા તે વીર આજે પોતાની નજર આગળ રાજ્યાસને બેસી તેનો ન્યાય કરે છે કુદરત ! તારી કળા ન્યારીજ છે

રાજા—રાણી સાથે બધાજ કેદીઓ કપ્યા કરે છે બહુ દુખ દેવાથી હદપાર દુખી થએલો જગદેવ આપણુને કોણ જાણે શુએ શિક્ષા કરશે એમ તેઓના દિલમા હમેશ થયા કરતુ રાજા તો નીચુ જોઇ સ્તબ્ધ થઈનેજ ઉભો છે પોતાની રૈયત સામે પોતાને કેદીના રૂપમા ઉભા રહેવુ પડે એ એને અસહ્ય થઈ પડયુ !

કર્તવ્યપરાણ જગદેવ રાજ્યાસને બીરાજ્યો પ્રથમ કામ એને પેલા પાપીઓનો ન્યાય કરવાનુ આવ્યુ એ ઉભો થયો અને પ્રજાનો તેમજ કચ્છી રાજા અને અમલદારોનો ઉપકાર માની આગળ બોલવા લાગ્યો

"પિતાજી ! મારી આ વાઘેલીમાના પસે હુ એમને નિર્દોષ ભાવે મળવા ગયો હતો ત્યારે મારી ઉપર આપે જે ક્રૂર વર્તન ચલાવેલુ એ જો આપના સ્મરણમા હોય તો અત્યારે તમારા હૃદયમા એટલી કપારી છુટતી હશે કે જે શબ્દાતીતજ કહેવાય. એનો બદલો લેવા હુ તમને સખ્તમા સખ્ત સજા કરીશ એમ આપને તેમજ મારી એ માતાને લાગતુ હશે રાજ્યની પાયમાલી કરનાર આ પાપી કમળાના ભરમાવ્યાથી એના કપટજાળમા ફસાઈ આપે મને ઘણુ દુખ દીધુ છે. પરંતુ

પિતાજી ! એ હૃદય દ્રાવક ચીતારનુ વિસ્મરણ કરો મને તેની કશીએ પરવા નથી ! આવો અને બીરાજો આ આસને !"

સર્વની ડોક શહામૃગની માફક ઉચી થઈ મ્હો પહોળુ થઈ ગયુ અને આખ જગદેવ અને રાજા ઉભય તરફ ફરવા લાગી રાજા તો નીચુ જ જોઈ રહ્યા છે ન તો તે આસને જઇ શકયો કે ન તો તે ઉચુ જોઇ શકયો જગદેવ સિહાસનેથી ઉતર્યો અને પિતાના ચરણકમળમા પડયો ઉભયની આખમાથી ઉહ્‌ના પાણીની રસધાર ચાલી રાજા બોલ્યો

"વત્સ ! ઉપકારી, પરમાર કુલભૂષણ વત્સ ! તારા ગુણો દૈવી છે. મારી ભૂલોની હુ ક્ષમા યાચુ તો ખોટુ નથી હુ તારો પિતા હોવા છતા મારી ચક્ષુ તે ખોલી ઉપકાર કર ! મારે એ રાજ્યની પાશવ સત્તા નથી જોઇતી તે મારૂ હૃદય ખોલ્યુ છે તો હુવેનો મારો જન્મારો હરિકિર્તનમા કહાઢી મારા પાપનો કાંઇક ભાગ મને ઓછો કરવા દે !" સર્વના મુખ ઉપર પ્રસન્નતા પ્રસરી રાણીને પગે પડતા તે પણ ગળગળી થઈ ગઇ અને કમળાને માથે બધો ભાર નાખી તેને ઘણીજ શિક્ષા કરવા જણાવ્યુ

અત્યાર સુધી જનતા જગદેવને કર્તવ્યપરાયણ રહેતી હવે એ ન્યાયપરાયણ પણ કહેવાવા લાગ્યો ન્યાયપરાયણ જગદેવે બીજા કેદીઓનો ન્યાય પ્રજા સમક્ષ મૂકયો પ્રજાએ સર્વ મતે તેઓને દેહાન્ત દડની સજા નક્કી કીધી સજા સાભળી તેઓની આખમાથી નીરની રેલ વહેવા લાગી દયાળુ જગદેવ આ દ્રશ્ય નિહાળી ના શકયો. તેણે પ્રજાને સમજાવી તેઓને દેશનિકાલની સજા કીધી અને તે અમલમા પણ મૂકી

બીજે દિવસે જગદેવના લગ્ન કરવામા આવ્યા લાખા ફુલાણીએ પોતાની કુવરીને પરણાવી અતિ ભેટ આપી વિદાય

લીધી. જગદેવ હવે પોતાની વીર અને સતિ પત્નિ વીરમતી સાથે રાજ્ય ચલાવવા લાગ્યો રાજ્યમા અતિ સુખશાન્તિ પ્રસરાવી સારીએ જનતા એ દિવ્ય-જોડલાને અતરથી વધાવતી હતી.

પ્રભો ! તુ સત્યનો સહાયક છે આ દપતિ-યુગલને તે એઓના સાત્વિકપણાથીજ આ સ્થિતિ અર્પી છે ધારાની માફક આજે અમારી ભારત માતા પણ કુભકરણની નીંદ ત્યાગી કાંઈક સચેત થવાનો પ્રયાસ કરી રહી છે. તો એ

સફળ કરવા આવા પ્રેમાળ અને વીરશ્રીથી ભરપૂર જોડલાઓ તું પુન આ આર્યાવર્તમા પેદા કર એજ અતિમ પ્રાર્થના ! અસ્તુ

સમાપ્ત.